

Gyan Amrit
જ્ઞાનામૃત
Vol.12 - Issue 1
January 2019
Price 12/-
નિરાકાર પરમપિતા શિવ પરમાત્માના સાકાર માધ્યમ
પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્મા



ભાવનગર ખાતે 'અલવિદા ડાયાબિટીસ'માં મ્યુ. કોરપોરેશન સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન યુવરાજસિંહજી, ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ ભ્રાતા ગિરીશભાઈ, ડૉ. શ્રીમંત શાહુ, બ્ર.કુ. તૃપ્તિબેન.

ગઢબોરિયાદ સેવાકેન્દ્રના 'વાર્ષિક ઉત્સવ' કાર્યક્રમમાં છોટા ઉદેપુરની મહારાણી તનવીરસિંહ ચૌધરી, MLA ભ્રાતા અભયસિંહજી, બ્ર.કુ. રાજબેન, બ્ર.કુ. ગંગાધરભાઈ, બ્ર.કુ. મોનીકાબેન.

ગાંધીનગરમાં 'માનવ અધિકાર દિવસે' આયોજીત કાર્યક્રમમાં બ્ર.કુ. કૈલાસબેન, પ્રમુખ ભ્રાતા એન. રામચંદ્રન, ભ્રાતા કુંવર અનુપદેવ સિંગ, ભ્રાતા દીપક બેનર્જી, MLA ભ્રાતા શંભુજી ઠાકોર.

બાંટવામાં 'અલવિદા ડાયાબિટીસ શિબિર'નું ઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ. ડૉ. શ્રીમંત શાહુ, નગર પંચાયતના પ્રમુખ ભ્રાતા ગણપતભાઈ, ડૉ. રામચંદાનીભાઈ, ડૉ. સુરેજાભાઈ, બ્ર.કુ. મધુબેન.

અમદાવાદ સુખશાંતિ ભવન ખાતે 'નિંદ્રા પ્રબંધન સેમીનાર'માં આર્ક બિશપ રત્નસ્વામીજી, જમાયતે ઈસ્લામ હિન્દના સચિવ ઈકબાલ મિરઝા, અધિક સચિવ ચંદ્રેશભાઈ રાજપાલ, બ્ર.કુ.અમરબેન, બ્ર.કુ. વીરેન્દ્રભાઈ.

અમદાવાદ ન્યુ મણિનગર સેવાકેન્દ્ર ખાતે આયોજીત 'નિંદ્રા પ્રબંધન' કાર્યક્રમમાં BJP યુવા મોરચાના પ્રમુખ ભ્રાતા કિશોરભાઈ કમટમ, BJP રામોલ વોર્ડના પ્રમુખ, બ્ર.કુ. સોનલબેન, એન્જીનીયર બ્ર.કુ. વીરેન્દ્રભાઈ.

મુંબઈ ગોરાઈ ખાતે માર્ગ અકસ્માતમાં દિવંગત આત્માઓને શ્રધ્ધાંજલી આપતા વ્યાપારી ભ્રાતા ચરમલભાઈ, PI વિશાલભાઈ, બ્ર.કુ. પારુલબેન.

દાહોદમાં આયોજીત 'ચિંતન શિબિર'માં ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. રાનીબેન, કલેક્ટર ભ્રાતા વિજય ખરાડી(IAS) પ્રાંન્ત અધિકારી.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૨ જાન્યુઆરી-૨૦૧૯ અંક : ૦૧

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- શાંતિની દુનિયા ....તંત્રી સ્થાનેથી ..04
- પિતાશ્રી બ્રહ્માનું અનોખું જીવન ....બ્ર.કુ. જગદીશચંદ્ર ..07
- બ્રહ્માબાબા - સિમ્પલ, સેમ્પલ............બ્ર.કુ. સંતોષદીદી ..09
- તંત્રીને પત્રો ....બ્ર.કુ. બકાભાઈ ..10
- પ્રસન્નતાના પથ પર ....બ્ર.કુ. શિવાનીબેન ..11
- જરા વિચારો - તમને શું શું મળ્યું છે. .....બ્ર.કુ. સૂર્યભાઈ ..12
- શાંતિ અને વિકાસ ....બ્ર.કુ. શીલુબેન ..16
- બાબા સાથેના પ્રથમ મિલનમાં સમર્પણ બ્ર.કુ. વિજયાબેન ..18
- બ્રહ્માબાબાનાં આઠ કદમ ....બ્ર.કુ. કેશુભાઈ ..22
- આદિદેવ પ્રજાપિતા બ્રહ્માબાબા ....બ્ર.કુ. ગોદાવરીબેન ..26
- દિવ્યદર્શન ....બ્ર.કુ. નંદિનીબેન ..27
- પ્રસંગ પરિમલ 30
- સ્વસ્થ જીવન ....બ્ર.કુ. ડો. દેવેન્દ્રભાઈ ..32

લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૧૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૦૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૨.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૧૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૦,૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
Phone : 079 - 2762 0866

મુદ્રક : રાજયોગિની સરલાદીદી
પ્રકાશક : બ્રહ્માકુમારી ઉષાબેન

સ્થાનિક સેવાકેન્દ્ર

આવશ્યક નોંધ

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)

Account No. : 032910001801

Bank Name : Dena Bank, Pushpkunj Branch **IFSC Code :** BKDN0110329

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨

Phone : 079 - 25431676, 25324360, 25324460

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

શાંતિની દુનિયા



આજના માનવે ભૌતિક સંપત્તિ, વિજ્ઞાનની અદ્યતન શોધોનો વિકાસ કર્યો છે. સત્તા, સમૃદ્ધિ, સંબંધો એમ ભિન્ન ભિન્ન ક્ષેત્રો દ્વારા એણે શાંતિ મેળવવાનો પ્રયાસ કર્યો છે. સાધનો એને સગવડોનું સુખ આપી શકે છે. પણ શાંતિ આપી શકતાં નથી. વૈજ્ઞાનિક ઉપકરણો ગરમીમાં શીતળતાનો, ઠંડીમાં ગરમીનો અનુભવ કરાવી શકે છે. પણ મનને શાંત, શીતળ, સ્વસ્થ, તંદુરસ્ત, મજબૂત બનાવી શકતાં નથી.

તો આ શાંતિની દુનિયા (Silence World) આપણાથી દૂર નથી. મીઠા બાબાએ સૌ પ્રથમ આપણને શાંતિની અનુભૂતિ કરાવી. **આત્માનો યથાર્થ પરિચય આપ્યો. આત્મા શાંત સ્વરૂપ છે. પિતા પરમાત્મા શાંતિના સાગર છે. ધામ શાંતિધામ - પરમધામ છે.** સ્વદેશ, સ્વકર્મ સ્વધર્મ, સર્વમાં શાંતિની અનુભૂતિ કરાવી. **આપણે સગવડો, સત્તા, સમૃદ્ધિ મેળવવા અનેક પ્રયત્નો કર્યા પણ શાંતિ આપણાથી દૂર સરકી ગઈ. મન અશાંત, નીરસ, હતાશ બની ગયું. જેને પરિણામે આત્મહત્યાઓ જેવા અનેક ગુનાઓની વણઝાર શરૂ થઈ ગઈ.**

જેની પ્રાપ્તિ માટે રાજાઓએ પોતાનાં રાજ છોડ્યાં. ધનિકોએ ધનને ઠોકર મારી. સત્તાધીશોએ સત્તાનો ત્યાગ કર્યો. સાંસારિક લોકોએ સંસારનો ત્યાગ કરીને સંન્યાસ સ્વીકાર્યો. આમ છતાં થોડા અપવાદ સિવાય શ્રેષ્ઠ સંતોની ટકાવારી ઓછી રહી. **આજે શાંતિ મેળવવા માટે આ સૌ છોડવાની જરૂર નથી પણ પોતાની દૃષ્ટિ, વૃત્તિ, કૃતિને બદલવાની જરૂર છે.** दृष्टि बदल दोगे, तो सृष्टि बदल जाएगी.

નરસિંહ મહેતાએ કહ્યું છે કે **'જ્યાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી.'** અન્ય કવિના શબ્દો છે. **'શાંતિ એ સ્વધર્મ આતમ સાર જો સમજી ગયા, તો ઝાંઝવાના નીર શા યત્નો બધા ટળી ગયા.'** હવે કોણ આ દિવ્યશાંતિની અનુભૂતિ કરાવી શકે ? એનો ઉત્તર છે.. **એક નિરાકાર જ્યોતિર્બિન્દુ સ્વરૂપ, અજન્મા, અકર્તા, અભોક્તા, સર્વ ગુણો અને સર્વ શક્તિઓના સાગર પરમપિતા શિવ પરમાત્મા. જેમનું દિવ્ય અવતરણ પ્રજાપિતા બ્રહ્મા (પૂર્વાશ્રમમાં દાદા લેખરાજ)ના તનમાં થયું અને તેમણે જ માનવોને સુખ, શાંતિ, સમૃદ્ધિ અને અતીન્દ્રિય સુખની અનુભૂતિ કરાવવા માટે ઈ.સ. 1937માં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરી.**

તો સૃષ્ટિ પરના સર્વ આત્માઓએ શાંતિની અનુભૂતિ કરવી હોય તો ઈશ્વરીય જ્ઞાન, સાપ્તાહિક પાઠ્યક્રમ, રાજયોગ શિબિર જેવા

માધ્યમો દ્વારા થઈ શકશે. પરમાત્માના જ્ઞાનમાં જ્ઞાતિ, જાતિ, ધર્મ, વય, શિક્ષણ, સ્ત્રી, પુરુષ જેવા કોઈ ભેદ નથી. પરમાત્મા સર્વ આત્માઓના પિતા છે. તેથી જ બાબાએ વસુધૈવ કુટુંબકમની ભાવના વિશ્વમાં ફેલાવી છે. ભારત સહિત વિશ્વના 140 દેશોના બ્રહ્માવત્સો મધુવનમાં આવીને તેની અનુભૂતિ કરે છે.

શાંતિની દુનિયા (સ્વર્ગ)

સંગમયુગમાં તો આપણે જ્ઞાનબળ, યોગબળ તથા યોગીજીવનના નિયમો અને મર્યાદાઓના પાલનથી શાંતિની અનુભૂતિ કરવાની છે. હવે મહાપરિવર્તન પછી જે શાંતિની દુનિયા (સતયુગ, સ્વર્ગ) આવવાની છે. ત્યાં માત્ર સદા આત્મિક સ્થિતિમાં રહેતા, દિવ્યગુણ સંપન્ન, પવિત્રતા અને સત્તાના તાજથી વિભૂષિત દેવી દેવતાઓ જ હશે. ત્યાં લડાઈ, ઝઘડા, કોર્ટ કચેરી, વકીલો, ન્યાયાલયો, પોલીસ, દવાખાનાં વગેરે નહીં હોય. અત્યારે દુઃખદાયી બનતું ત્યાં કશું જ નહીં હોય. સતોપ્રધાન પ્રકૃતિ જીવનને પ્રસન્ન રાખશે. ફળો અદ્ભુત રસથી સંપન્ન હશે. પ્રાકૃતિક સૌંદર્યથી સૌ પ્રસન્ન હશે. પ્રકૃતિ પણ ઘણી સુખદાયી હશે. **તે દુનિયામાં જવા માટે સંગમયુગમાં જ્ઞાન, યોગ, ધારણા, ઈશ્વરીય સેવાની ગહનતામાં જઈ તીવ્ર પુરુષાર્થ કરવો પડશે.**

શાંતિની શક્તિને ધારણ કરવાનો પુરુષાર્થ

વિજ્ઞાનની જનેતા શાંતિની શક્તિ

વિજ્ઞાનની ભિન્ન ભિન્ન શોધોમાં શાંતિની શક્તિનું મહત્ત્વપૂર્ણ પ્રદાન રહ્યું છે. **વૈજ્ઞાનિકો અંતર્મુખ બનીને, એકાગ્રતાથી શાંતિની અનુભૂતિ કરે છે. એકાંતમાં રહે છે. ક્યારેક તો ખાનપાન સુધ્ધાંની પણ પરવા કરતાં નથી. તેમનું મસ્તિક શાંત, એકાગ્ર થતાં સંશોધનની સ્પષ્ટ કલ્પનાઓ, વિચારો જન્મે છે. તેથી વૈજ્ઞાનિકો ઓછા બોલા હોય છે. જાહેર સમારંભોથી અલિપ્ત રહે છે.**

મનની વ્યસ્તતા

આપણા મનને જ્ઞાન, યોગ, મનન ચિંતન, મંથન, હકારાત્મક, કલ્યાણકારી વિચારોમાં વ્યસ્ત રાખવું જોઈએ. जितने बीझी ईतने इजी. નવરું મન શેતાનનું કારખાનું બની જાય છે. **સદા પ્રવૃત્તિમાં રહેવાથી મન વ્યર્થ બાબતોમાં ભટકતુ નથી.**

શાંતિની શક્તિ પર સંશોધન

વૈજ્ઞાનિકોની જેમ, પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓની જેમ મનની ગતિવિધિઓને સૂક્ષ્મતાથી સમજવી જરૂરી છે. મીઠા બાબાએ બ્રહ્માબાબા દ્વારા અદ્ભુત શક્તિઓને પ્રત્યક્ષ કરી જેથી સંસ્થા વિશ્વ વ્યાપી બની. **મહદ્અંશે વ્યર્થ, નકારાત્મક, વિષય વિકારો સાથે જોડાયેલી ઈચ્છાઓ અશાંત કરી પતન કરાવે છે.** તેથી ગીતાકારે કહ્યું છે,

विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निःस्पृह।
निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति॥

(અધ્યાય -2, શ્લોક 71)

અર્થાત્ 'જે (પુરુષ) સર્વ કામનાઓ ત્યજી નિઃસ્પૃહ, મમતારહિત અને અહંકારરહિત થઈ વિચરે છે, તે શાંતિ પામે છે.'

શાંતિની અનુભૂતિ માટે સ્થિતપ્રજ્ઞની અવસ્થા જરૂરી છે. તે અંગે ગીતાકાર કહે છે,

प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान्।
आत्मन्येवात्मना तुष्टः स्थित प्रज्ञस्तदोच्यते॥

(અધ્યાય -2, શ્લોક 55)

અર્થાત્ હે પાર્થ ! **જ્યારે મનુષ્ય મનમાં રહેલી સર્વ કામનાઓ ત્યજી દે છે અને આત્મા વડે આત્મામાં જ સંતોષ પામે છે, ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે**. મીઠા બાબાએ ઈચ્છામાત્રમ્ અવિદ્યા કહીને તેનો ત્યાગ કરવાનું કહ્યું છે. શિક્ષણ, કારકિર્દી, જીવન ઉત્થાન માટેની વાસ્તવિક ઈચ્છાઓમાં કંઈ ખોટું નથી.

શાંતિના સંશોધનમાં ધારણા, સંગ, જ્ઞાનબળ, યોગબળ, સંકલ્પશક્તિ, સકાશ, મનસા સેવા આદિમાં શાંત, એકાંત, પ્રકૃતિના રમ્ય સ્થળે યોગાભ્યાસ કરીને સંશોધન કરવું જરૂરી છે. આ માટે પ્રતિભાવંત, સમર્થ બ્રહ્માવત્સો મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. જેમ રાજયોગ શિબિરનો અભ્યાસક્રમ ઘડાયો તે રીતે શાંતિની શક્તિનો અનુભૂતિજન્ય અભ્યાસક્રમ ઘડાવો જરૂરી છે. **સંશોધન કરનાર આત્માનાં મન-બુદ્ધિ સ્વચ્છ અને સ્પષ્ટ હોય તે જરૂરી છે. ટચીંગ પાવર અને કેચીંગ પાવરની ક્ષમતા પણ જરૂરી છે. સકાશ આપવાની અને મનસા સેવા કરવાની ક્ષમતા પણ એટલી જ જરૂરી છે.**

પરમાત્માની પ્રત્યક્ષતાનો આધાર

સર્વ ગુણો, ચહેરા - ચલન દ્વારા પરમાત્મા પ્રત્યક્ષ થાય. આજે વૈજ્ઞાનિક શોધો મનની શક્તિઓ ઉપર કેન્દ્રિત થયેલી છે. તે અંગેના લેખો પણ આપણે વાંચીએ છીએ. પ્રખર બ્રહ્માવત્સ બનવા માટે ભક્તિમાર્ગ જેવો પુરુષાર્થ કામ નહીં આવે. આપણી પવિત્રતા, સચ્ચાઈ, સફાઈ, યોગની ગહનતાને માપવાનાં યંત્રો આવશે. તે દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દેશે. એવો સમય પણ આવશે કે દરેક બ્રહ્માવત્સોએ આ પરીક્ષામાંથી પાસ થવું પડશે. તેથી આપણો પુરુષાર્થ દિવ્ય, તીવ્ર હોય જેથી વૈજ્ઞાનિક શોધોની જેમ જ આપણે શાંતિની અનુભૂતિ કરી શકીએ, કરાવી શકીએ.

આવનારો સમય

દિનપ્રતિદિન સમસ્યાઓ, સંઘર્ષો, હિંસા, ગુનાખોરી, નૈતિક ચારિત્રિક અધઃપતન, ભ્રષ્ટાચાર, ગરીબી, પ્રાકૃતિક આપદાઓ, બેકારી વધતાં જશે. તેમાંયે શિક્ષિતોની બેકારી ખતરનાક સાબિત થશે. સાકાર અને અવ્યક્ત વાણીઓમાં બાબાએ જે આગાહીઓ કરી છે તે દેખાઈ રહી છે. આવા સમયે દુઃખી, અશાંત, હતાશ, નિરાશ, આત્મહત્યા કરવા ઉત્સુક એવા કેટલાયે માનવો શાંતિની શોધમાં બાબાના ઘેર આવશે. સત્તા, સંપત્તિ કે સુખ સગવડનાં અદ્યતન સાધનો તેમને શાંતિ નહીં આપી શકે ત્યારે તેઓ બાબાના શરણે આવશે.

આ આત્માઓની સેવા માટે મીઠા બાબા શાંતિની દુનિયા (Silence World)નો અનુભવ કરાવવા ઋષિકુળની જેમ, પ્રકૃતિની ગોદમાં સેવા સ્થાન બનાવશે એ નક્કી છે. તે માટે હાર્દિક શુભકામનાઓ..

॥ ઓમશાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

(પેજ નં. 17નું અનુસંધાન).. શાંતિ અને વિકાસ

વિકાસ થશે. આપણે વ્યસનોથી મુક્ત રહી શકીશું. કારણ કે આત્મ અનુભૂતિથી જ આત્મવિશ્વાસ વધશે. આપણને જીવનનો સાચો બોધ મળશે. જીવન સંઘર્ષને બદલે એક વરદાન બની જશે, પ્રભુ પ્રસાદ બની જશે. એનાથી આપણો વ્યક્તિગત વિકાસ તો થશે સાથે સાથે પરિવાર, સમાજ, દેશ અને વિશ્વનો પણ વિકાસ થશે. માનવદેવતુલ્ય બની જશે અને આ સંસાર નરકમાંથી સ્વર્ગ બની જશે.

॥ ઓમશાંતિ ॥

પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્માનું અનોખું જીવન

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



પિતાશ્રી બ્રહ્માબાબા 18 જાન્યુઆરી, 1969 ની રાત્રિએ વ્યક્ત દેહ છોડીને અવ્યક્ત લોકના વાસી બન્યા હતા. પિતાશ્રીએ અનેક મનુષ્યાત્માઓને ઈશ્વરીય જ્ઞાન અને દિવ્યગુણોનો અણમોલ ખજાનો આપ્યો. એમનું જીવન કેવું ઉત્તમ હતું. તેઓ કેટલા રહેમદિલ હતા, આપણા જેવાઓ ઉપર કૃપાદૃષ્ટિ કરીને આપણા જીવનને ઊંચુ બનાવ્યું. કોઈ વ્યક્તિમાં ગમે તેટલા મોટા અવગુણ હોય, પિતાશ્રી એને ઈશ્વરીય પ્રેમનું સિંચન કરીને એ અવગુણોને દૂર કરવાની બધી કોશિશ કરતા હતા.

તેઓ ઉદારચિત્ત અને સહનશીલ હતા.

પિતાશ્રી 1936-37માં પ્રભુની લગનમાં મગન થઈ ગયા તો એમને પરમપિતા પરમાત્મા શિવના, વિષ્ણુ ચતુર્ભુજના અને સૃષ્ટિના મહાવિનાશના સાક્ષાત્કાર થયા હતા. પ્રભુ પ્રેરણાથી એમણે પોતાનું સમગ્ર જીવન અને તમામ સંપત્તિ ઈશ્વરીય જ્ઞાન દ્વારા આત્માઓના કલ્યાણ માટે આપી દીધી. એમણે વિશેષરૂપે માતાઓ-કન્યાઓને જ્ઞાનશક્તિ, યોગશક્તિ, પવિત્રતાની શક્તિથી સંપન્ન કરીને શક્તિરૂપા બનાવવામાં અને ભારતને પાવન બનાવવા માટે પોતાનું સર્વસ્વ આપી દીધું. તેઓ ઉદારચિત્ત અને સહનશીલ હતા. પોતાનાં તન, મન, ધન આ અલૌકિક સેવામાં સમર્પિત કર્યા પછી પણ એમને કેટલું સહન કરવું પડ્યું. સંસારના લોકો એ ઓળખી ના શક્યા કે પિતાશ્રી સ્વયં પરમપિતા પરમાત્મા શિવના સાકાર માધ્યમ છે અને તેઓ કેટલા ઉચ્ચકાર્ય માટે નિમિત્ત છે. જેનું સુખ રૂપી ફળ સમગ્ર સંસારને મળશે અને જેનાથી 21 પેઢીઓ પાવન થશે.

સેવા હેતુ તેઓ સૂતા પણ નહોતા

પિતાશ્રી અથક હતા. નેવું વર્ષ કરતાં પણ વધુ ઉંમર હોવા છતાં તેઓ એક ફરિશ્તાની જેમ સ્ફુર્તિથી કાર્ય કરતા રહેતા હતા. આટલા બધા જિજ્ઞાસુઓને તેઓ પ્રતિદિન સ્નેહ અને જ્ઞાનથી પોતાના હાથે પત્ર લખતા હતા. અમે આ જોઈને આશ્ચર્યચકિત થઈ જતા હતા કે આ કોમળ હાથ થાકતા નહીં હોય. તેઓ આત્માઓના સ્નેહમાં આવીને એમના પથપ્રદર્શન હેતુ સૂતા પણ નહોતા અમને એ કહેતા કે હવે સૂઈ જવાનો સમય નથી. હવે તો સર્વ આત્માઓને મુક્તિ, જીવનમુક્તિના દાતા, પતિત પાવન પરમાત્મા શિવનો સંદેશ આપવાનો સમય છે.

એમને મળનારા એમના અપાર સ્નેહથી પીગળી જતા હતા

વાસ્તવમાં એમનું દરેક કર્મ, એમનું દરેક પગલું લોકસેવા માટે હતું. એમની મધુર પ્રસન્નતા જોઈને સમસ્યાઓમાં અટવાયેલા મનુષ્યોની સમસ્યાઓ દૂર થઈ જતી. એમની અલૌકિક આભાને જોઈને લોકોના મનના પ્રશ્ન સ્વાભાવિક રીતે હલ થઈ જતા. એમની બેઠક જોઈને એમ થતું હતું કે હવે વિકારો ઉપર આપણો વિજય થવાનો છે. એમને મળનારા એમની આત્મિકસ્થિતિ,

એમનું વાત્સલ્ય, એમનો અલૌકિક પિતા તુલ્ય વ્યવહાર, એમના અપાર સ્નેહથી પીગળી જતા. એમના મુખમાંથી સ્વાભાવિક રીતે 'બાબા' શબ્દ સંબોધનના રૂપે નીકળી જતો. એમના નિર્મળજીવન, દિવ્યગુણ સંપન્ન આચરણ, મધુરતા, સેવાભાવને જોઈને પ્રત્યક્ષ પ્રમાણ મળતું કે હવે સતયુગ આવવાનો છે. એમનું વ્યક્તિત્વ લોખંડને પારસ બનાવનાર પારસમણિ જેવું હતું. એમનામાં પરમપિતા શિવના ગુણોને વ્યક્ત થતા જોઈને નાસ્તિક પણ આસ્તિક બની જતા. માયાથી બનેલું પથ્થર જેવું દિલ પણ પીગળી જતું. તેઓ સંસાર સાગર પાર કરવાનું સાહસ કરતા. તેઓ જાગતી જ્યોત હતા. એમના સંપર્કમાં આવવાથી બુઝાયેલા દીપક પ્રજ્વલિત થઈ જતા હતા. તામસમાં ભટકતા યાત્રીઓનો જીવનપથ પ્રકાશિત થઈ જતો. તેઓ એક એવા પાવરહાઉસ હતા કે જ્યાં સર્વ શક્તિમાન શિવ આવીને નિર્બળ આત્માઓને બળ આપતા. એમના કમળમુખથી શિવબાબા જ્યારે મુરલી ચલાવતા તો વિકારોથી તપ્ત આત્મા શીતળતાનો અનુભવ કરતા અને પ્રભુમિલનનું અલૌકિક સુખ મેળવીને પિતા પરમાત્માનું વરદાન સહજ રીતે પ્રાપ્ત કરતા.

હાથ પકડીને સર્વને ખેંચી રહ્યા છે.

આજે આ કર્તવ્ય તેઓ અવ્યક્ત લોકથી કરી રહ્યા છે. તેઓ અહીં સાકાર માધ્યમમાં આવીને પણ અમારું પથપ્રદર્શન કરી જાય છે. અવ્યક્તરૂપથી તો તેઓ આપણને પાવન બનાવવાનું તથા સતયુગી સૃષ્ટિની સ્થાપનાનું કાર્ય કરી જ રહ્યા છે. જેમ કોઈ ઉપર જઈને નીચેવાળાઓનો હાથ પકડીને એમને ઉપર ખેંચે છે એ રીતે આપણને દેહ અભિમાનની ખીણમાંથી કાઢવા માટે, યાદની મંઝિલ પર પહોંચાડવા માટે તેઓ ઉપર અવ્યક્ત લોકમાં ગયા અને હવે અવ્યક્ત બનાવનારી શિક્ષાઓના રૂપમાં હાથ પકડીને આપણને ખેંચી રહ્યા છે.

મહાપરિવર્તનમાં હવે થોડો સમય છે.

સ્વાભાવિક છે કે એમણે આપણને પાવન અને દિવ્યગુણ સંપન્ન બનાવવા માટે જે મહેનત કરી છે, તે વારંવાર આપણા મનને એમની તરફ ખેંચે છે. પરમપિતા પરમાત્મા શિવની તરફ આકર્ષિત કરે છે. તેઓ ઈશ્વરીય યાદ માટે આપણને વારંવાર કહેતા હતા. હવે જ્યારે તેઓ અવ્યક્ત દેશથી આવીને આપણને મળે છે તો આપણે અવ્યક્ત સ્થિતિમાં સ્થિત થઈને એમને મળીએ છીએ તો મનમાં ઉત્સાહ ઊભરાઈ જાય છે. એવો શુભ ઉમંગ જાગે છે કે હવે આપણે સંસારને શિવબાબાનો સંદેશ ઘણી તીવ્રગતિથી આપીશું કારણ કે હવે સમય ઘણો થોડો રહી ગયો છે. હવે સૃષ્ટિનું મહાપરિવર્તન નજીક આવી પહોંચ્યું છે.

તેઓ આપણી સાથે જ છે.

પિતાશ્રીનું કર્તવ્ય હવે ઝડપથી થઈ રહ્યું છે કારણ કે અવ્યક્ત સ્થિતિમાં વ્યક્તની તુલનામાં અડચણ વિના કાર્ય થઈ શકે છે. એથી આપણે એમની પાસેથી વધારે ઉત્સાહ મેળવીએ છીએ. તેઓ આપણી સાથે જ છે. એમનું નામ બ્રહ્મા જ છે. રૂપ પણ એ જ છે. એમનું કર્તવ્ય પતિતોને પાવન બનાવવાનું છે. સંબંધ એમનો એજ છે. માત્ર એમનું ધામ જ બદલાયું છે. પરંતુ બુદ્ધિબળથી આપણે પણ એ ધામમાં જઈ શકીએ છીએ. કારણ કે આપણે એ ધામને જાણીએ છીએ અને તેઓ આ સાકારસૃષ્ટિમાં, સાકાર માધ્યમમાં આવીને આપણને મળે છે. આ જ્ઞાનયુક્ત વાતોને એજ સમજી શકે છે. જેની પાસે જ્ઞાનચક્ષુ છે યા જેનાં જ્ઞાન ચક્ષુ ખુલ્લાં છે.

॥ ઓમશાંતિ ॥

બ્રહ્માબાબા - સિમ્પલ, સેમ્પલ અને એક્ઝામ્પલ

બ્ર.કુ. સંતોષદીદી, મુંબઈ



કોઈ ફેક્ટરીનો માલ કેવો હશે, તે એમાં નાખવામાં આવેલા કાચા માલ પર આધારિત છે. એ રીતે પરમાત્મા શિવે નવી દુનિયા (સતયુગ) બનાવવા માટે સૌ પ્રથમ સર્વ બ્રહ્માવત્સોમાં નવી દુનિયાની ગુણવત્તાભરી અને સેમ્પલ તૈયાર કર્યાં. તો આપણા સર્વનું લક્ષ્ય છે પરમાત્મા સમાન સેવા કરવી. તો તેને અનુરૂપ પરમાત્માએ સૌ બાળકોને તૈયાર કર્યાં અને ઈશ્વરીય સેવા માટે મોકલ્યાં. સૌ પ્રથમ પરમાત્મા શિવે એક સેમ્પલ તૈયાર કર્યું બ્રહ્માબાબાના રૂપમાં અને એમને રોડ મેપ અર્થાત્ આદર્શના રૂપમાં સામે રાખ્યાં. તો આપણે જોઈએ કે આપણે ક્યાં સુધી એ સાકાર સેમ્પલની જેમ વિશ્વસેવા કરી રહ્યા છીએ.

બ્રહ્માબાબા કઈ રીતે સેવા કરતા હતા એ સૌ પોતાની નજરથી જોયું અને સમજ્યાં. હવે આપણો વારો છે કે આપણે બ્રહ્માબાબાની સાથે તુલના કરીને એ મુજબ સેવા કરી રહ્યા છીએ ? તો આજે હું બ્રહ્માબાબા કઈ રીતે સેવા કરતા તે જણાવું છું.

બ્રહ્માબાબા હંમેશા સિમ્પલ (સાદગીમાં) રહેતા હતા. બાબાને હંમેશા એ યાદ રહેતું હતું કે હું જેવાં કર્મ કરીશ તે જોઈને બીજા કરશે. બાબા સેવા કરતાં, સંપર્કમાં આવતાં, સૌને પ્રેમ કરતાં સર્વથી ન્યારા રહેતા હતા. આ ગુણ સદા અમે જોયા. બાબા જેટલો સંબંધ નિભાવતા હતા તેટલા જ બંધનમુક્ત પણ રહેતા હતા. બાબા સેવા કરતાં જાણે ચમકતી લાઈટના રૂપમાં દૃશ્યમાન થતા હતા.

બાબાને હંમેશા કમ ખર્ચ બાલા નશીનવાળી સેવા પસંદ હતી. બાબા કદીયે શો કરતા નહોતા. મેં જોયું છે કે બાબા મુસાફરી કરીને આવતા, તો ઘણી સાદગીથી પહોંચતા હતા. કોઈને એમના આગમનની જાણ થાય તેવો ભાવ જોવા મળતો નહોતો. આ રીતે બાબા દેખાડાથી મુક્ત હતા. બાબાને કોઈ કહેતું કે બાબા મેં આ સેવા કરી અને એમાં ઓછો ખર્ચ થયો. તો આ સમાચાર સાંભળીને બાબા કહેતા હતા કે અરે બેટા ! આપ તો જ્ઞાન ધનથી ભરપૂર છો તો આપે એમની જ્ઞાન યોગથી સેવા કરવી જોઈએ. જેથી તે આપને ઈશ્વરીય સેવા માટે વિના મૂલ્યે પ્રબંધ કરીને આપે. તો બાબા હંમેશા કહેતા હતા કે પહેલાં એમની સેવા કરો, જો તેને ઈચ્છા થાય તો ઈશ્વરીય સેવામાં સહયોગ આપે.

બાબાને મુરલીથી વિશેષ પ્રેમ હતો. એની યાદગાર 33 કરોડ દેવી, દેવતાઓ છે. પરંતુ કૃષ્ણ સિવાય કોઈપણ દેવી દેવતાના હાથમાં મુરલી બતાવતા નથી. બ્રહ્માબાબાને શિવબાબાની મુરલીથી ઘણો ગહન પ્રેમ હતો. જેની યાદગારમાં આજે પણ શ્રીકૃષ્ણના હાથમાં સદા મુરલી બતાવે છે. જો આપણે નવી દુનિયા બનાવવાની છે તો શિવબાબાનો જે આદેશ છે એને તે સ્વરૂપમાં જ સાકાર કરવો તે આપણું પરમ કર્તવ્ય છે.

બાબાને અમે કદી સંકલ્પમાં પણ અસ્થિર થતા જોયા નથી. બાબાની અવસ્થા સંકલ્પમાં પણ એકરસ રહેતી હતી. ચિંતાની વાત તો દૂર રહી

સાધારણ ચિંતન પણ કરતા નહોતા. બાબા હંમેશા ઉચ્ચ તથા શ્રેષ્ઠ સંકલ્પોમાં રમણ કરતા હતા. બાબાને અમે સદાયે કર્માતીત અવસ્થામાં જોયા છે.

બાબા સર્વને રિગાર્ડ આપતા હતા. ભલે તેમની સામે નાના હોય યા મોટા. બાબા અમને સૌને ઘણો પ્રેમ આપતા હતા. પ્રેમ આપવાની સાથે રમણિક રીતે ભૂલો પ્રત્યે ધ્યાન પણ ખેંચાવતા હતા. બાબા હંમેશા કહેતા હતા કે સંગઠનમાં એકે કહ્યું બીજાએ માન્યું એવું હોવું જોઈએ.

બ્રહ્માબાબા આપણી સામે સેમ્પલ છે. તો આપણે પણ તેવા જ બનવાનું છે. કાર્બન કોપીની જેમ બાબાને અનુસરવાના છે. બાબા કહેતા હતા કે શિવ ભોલાનાથનો ભંડારો છે. એમાં જ બ્રહ્મા ભોજન તૈયાર થાય છે. અને એનાથી જ સર્વની પાલના થાય છે. એમાં કેટલું ગુહ્ય રહસ્ય સમાયેલું છે. બાબા કહેતા કે શિવબાબાનો યજ્ઞ છે અને તેઓ જ સર્વની પાલના કરે છે. અમે બાબાને કદી પણ દેહભાનમાં આવતા જોયા નથી.

બાબા હંમેશા કહેતા હતા કે રહેમ કરો અને રહેમદિલ બનો. બીજાઓને પ્રેરિત કરો અને આગળ વધારો. જેમ કોઈ પડી જાય છે તો એને

(અનુસંધાન પેજ નં. 26 પર)

તંત્રીને પત્રો

'જ્ઞાનામૃત' એટલે મારા મતે 'પ્રેરણામૃત'. એ અર્થમાં કે જેના વાંચનથી આપણા જીવનને શ્રેષ્ઠ બનાવવાની પ્રેરણા મળે છે. માનવજીવનમાં પરસ્પર પ્રેમ, સદ્‌ભાવના, શાંતિ અને પવિત્રતા જેવા અનેક સદ્‌ગુણોની પ્રાપ્તિ માટે આ એક જ્ઞાનામૃતરૂપી નિર્મળ જ્ઞાન-સરિતા છે. 'સ્વપરિવર્તન દ્વારા વિશ્વ પરિવર્તન'ના બાબાના યજ્ઞકાર્યમાં નિમિત્ત સૌ કોઈ ઉત્સાહી આત્માઓ માટે તો 'જ્ઞાનામૃત' જે ઉત્તમ પથદર્શક સમાન છે.

'જ્ઞાનામૃત'ના બધા જ લેખો જે સરળ ભાવવાહી શૈલીમાં ભાષાકીય ક્ષતિરહિત, ઉચ્ચ ગુણવત્તા યુક્ત ઈશ્વરીય જ્ઞાનથી ભરપૂર હોય છે. આ અંકોનું વૈવિધ્યસભર આધ્યાત્મિક જ્ઞાન એટલું જ રસપ્રદ હોઈ જીજ્ઞાસુ વાચકોની એ વાંચન ભૂખ સંતોષે છે. જ્ઞાનમાર્ગને અનુરૂપ બાબાના સત્ય જ્ઞાનનો પરિચય કરાવનારી અને અનુભવસિદ્ધ ઉત્તમ કૃતિઓ જ અહીં અગ્નિપરીક્ષામાંથી પસાર થઈને પ્રસિદ્ધ કરાય છે એવો મારો જાત અનુભવ છે. વળી જ્ઞાનામૃતની મુખપૃષ્ઠ તસ્વીર સૌને આકર્ષે છે જે સમય પ્રમાણે સ્મૃતિદિન કે કોઈ લોક ઉત્સવનો નિર્દેશ કરતી સપ્તરંગી નયનરમ્ય ભાસે છે. ચાર દાયકાથી અનેક પડકારો વચ્ચે પણ અવિરત જ્ઞાનની જ્યોત જલતી રાખવામાં સહભાગી જ્ઞાનામૃત પરિવારને મારી શુભકામનાઓ પાઠવું છું.

'જ્ઞાનામૃત સંદેશ' 'જ્ઞા' એટલે જ્ઞાન થકી પવિત્ર બનીએ.
'ના' એટલે નારાયણી નશામાં મસ્ત રહીએ.
'મૃ' એટલે મૃત્યુ ઉપર વિજય મેળવીએ.
'ત' એટલે તપસ્વીમૂર્ત યોગીજીવન જીવીએ.

- બ્ર.કુ. બકાભાઈ આર. પટેલ, કાલીપુરા (પ્રાંતિજ)

પ્રસન્નતાના પથ પર

ખુશીના રચયિતા આપણે સ્વયં છીએ

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

આપણે જે માન્યતા (બિલીફ સિસ્ટમ) બનાવી છે એ અનુસાર આપણે ખુશીને આખો દિવસ ભવિષ્યમાં શોધીએ છીએ. આપણે એમ કહીએ છીએ કે આમ થશે તો હું ખુશ થઈ જઈશ. આપણે અતીતમાં જઈને જોઈએ છીએ કે 'વિદ્યાર્થી જીવન સૌથી સારું જીવન છે.' પરંતુ જ્યારે વિદ્યાર્થી જીવનમાં હોઈએ છીએ ત્યારે એમ કહીએ છીએ કે જ્યારે સ્કૂલનું શિક્ષણ પૂરું થશે, ત્યારે હું કોલેજમાં જઈશ યા નોકરી મળી જશે ત્યારે હું ખુશ થઈ જઈશ. એમ જ મેં કહ્યું કે જ્યારે આ થશે તો હું ખુશ થઈ જઈશ. એનો મતલબ છે કે હું હજુ ખુશ નથી. અમારું શિક્ષણ પણ પૂરું થઈ ગયું. પછી આપણે નોકરી કરવા લાગ્યા. પછી આપણે વિચાર્યું, જ્યારે હું એકથી બે થઈ જઈશ અર્થાત્ સહભાગી બની જઈશ, જ્યારે સંબંધ બનાવી લઈશ ત્યારે ખુશ થઈ જઈશ. પછી સંબંધ થયો, પછી આપણે કહ્યું જ્યારે આપણો પરિવાર બની જશે ત્યારે હું ખુશ થઈ જઈશ. એનો અર્થ છે દરેક વખતે આપણી ખુશી સ્થગિત થતી ગઈ. હવે ખુશી ક્યારે મળશે ?

આપણે કહીએ છીએ પહેલાં જે દિવસો હતા ઘણા સારા હતા. હું વર્તમાનમાં છું અને ખુશી જે ભવિષ્યમાં બનવાનું છે તેમાંથી અથવા જે વીતી ગયું છે તે ઘણું સારું હતું. એમ લાગે છે. પરંતુ એ સમયે હું ક્યાં ખુશ થઈ હતી. એ સમયે હું એમ વિચારીને બેઠી હતી કે જ્યારે આ થશે ત્યારે હું ખુશ થઈ જઈશ. વર્તમાનમાં રહીને આપણે દરેક પળ યા વીતેલા સમય વિશે વિચારીએ છીએ અથવા આપણા આવનારા સમય વિશે વિચારીએ છીએ.

એક દિવસ આપ આપના વિચારોને ચેક કરો. આપ જોશો કે આપના વિચારો વીતેલી વાતો વિશે હશે યા ભવિષ્યની વાતો ઉપર આધારિત હશે. પછી આપણે ખુશી મેળવવા કંઈક નવું થશે ત્યારે ખુશી મળશે એના ઉપર નિર્ભર બની જઈએ છીએ. આ પ્રક્રિયામાં મારી એક એક પળ વીતતી ગઈ. આવી ખુશી કોઈ પ્રાપ્તિ પર, લોકોના વ્યવહાર પર, આપણે જે કામ કરીએ છીએ એ પર, સાધનો પર નિર્ભર છે. જ્યારે આપણી કોઈ ચીજ ઉપર નિર્ભરતા છે તો આપણે કઈ રીતે ખુશ રહી શકીએ.

ભય અને ખુશી એક સાથે રહી શકતાં નથી. જો આપણામાં ડર છે તો આપણે ખુશ નહીં રહી શકીએ. મતલબ કે મારી ખુશી આપ પર નિર્ભર છે તો હંમેશાં ડરમાં રહીશ કે આ સારા તો છે ને ? આ ખુશ તો છે ને ? આ સંતુષ્ટ તો છે ને ? હું એમને ખુશ રાખવા માટે શું કરું ? તો આ ડર છે, અસુરક્ષા છે. જ્યાં નિર્ભરતા હશે ત્યાં અસુરક્ષાની ભાવના તો હશે જ. જો આપણી ખુશી સાધનો પર નિર્ભર છે તો આપણે આખો દિવસ એના વિશે જ વિચારતા રહીશું.

આટલી મહેનત કરવા છતાં પણ આપણે ખુશ નથી. એનું માત્ર એક જ કારણ છે. 'નિર્ભરતા'. આપણે સ્વયંને પરિસ્થિતિઓ પર,

(અનુસંધાન પેજ નં. 21 પર)

જરા વિચારો : તમને શું શું મળ્યું છે.

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ

કોઈને ઘેર બેઠાં જ ભગવાન મળી જાય. તે સર્વશક્તિવાન કોઈના ઘરમાં મહેમાન બનીને આવે... સ્વયં ભાગ્યવિધાતા રાજ્યભાગ્ય લઈને સામે ઊભા રહી જાય. તે કેટલો ભાગ્યવાન હશે. ભગવાન સ્વયં સામે બેસીને કહે, હે મહાન આત્મા, હું તમારો છું. હું તમારા માટે છું. મારું સર્વ કાંઈ તમારું છે. હું સદા હજાર ભુજાઓ સહિત તમારી સાથે છું. તો શું થાય. આ સર્વ કાંઈ થયું છે બ્રહ્માવત્સોની સાથે. આ સંસારમાં કેટલાયે લાખ મહાન આત્માઓને ભગવાન મળી ગયા. તેઓ સ્વયં નિરાકાર છે, અજન્મા છે, મુક્તિદાતા છે, પરમ સદ્‌ગુરુ છે. તેઓ મળી ગયા છે અને એમનો વરદાની હાથ મસ્તક પર રાખી દીધો છે. જેઓએ એમને મેળવ્યા છે એમનું જન્મ જન્મનું ભટકવાનું બંધ થઈ ગયું છે.

ભગવાન ત્રિકાળદર્શી છે. જ્ઞાનના સાગર છે. પતિત પાવન છે. પરમ શિક્ષક છે. તેઓ અમારા પરમપિતા છે. એમને અમે અતિ પ્રેમથી કહીએ છીએ મારા બાબા. અહીં અમે એમના માટે બાબા શબ્દનો જ પ્રયોગ કરીશું.

કેટલાંયે ને કદાચ લાગતું હશે કે આ બ્રહ્માકુમારીઓ મોટી મોટી વાતો કરે છે. આવું કદી થઈ શકે શું ભગવાન એટલા સસ્તા છે કે એમ જ મળી જાય. તેઓ વિદ્વાનોને ના મળ્યા. તેઓ ઋષિ મુનિઓને ના મળ્યા. તો એમને કઈ રીતે મળે. પરંતુ આ સત્ય છે. લાખો બુદ્ધિવાન લોકો, શિક્ષિત લોકો, પવિત્ર આત્માઓ તથા શ્રેષ્ઠ યોગી આ સત્યના સાક્ષી છે. ભગવાન સ્વયં સાકાર તનમાં આવીને એ પુણ્યાત્માઓ સાથે મિલન મનાવી રહ્યા છે, જે સતયુગમાં દેવાત્માઓ હતા. તેઓ પરમ પિતા છે. આપણો એમને મળવાનો અધિકાર છે.

શિવબાબા જેઓ જ્ઞાનના સાગર છે. સર્વ પ્રથમ એમણે પરમશિક્ષક બનીને અમને સત્ય જ્ઞાન આપ્યું. એમને જ્ઞાનદાતા કહીએ છીએ, તો શું તેઓ જ્ઞાન નહીં આપે. માત્ર દર્શન આપીને ચાલ્યા જશે. ભગવાન આપણી સન્મુખ આવે, દર્શન આપીને ચાલ્યા જાય એને મિલન કહીશું. ભગવાન અમારી સન્મુખ આવ્યા અને અમારા થઈ ગયા. એમણે અમને સૃષ્ટિના આદિ, મધ્ય, અંતનું આત્મા તથા પરમાત્માનું, મુક્તિ તથા જીવનમુક્તિનું, માયાનું તથા રાજયોગનું જ્ઞાન આપ્યું. એમના દ્વારા મેળવેલા જ્ઞાનને મેળવીને અમારી જન્મોજન્મની શોધ સમાપ્ત થઈ ગઈ. વેદશાસ્ત્ર વાંચીને અમારી સત્યની શોધ સમાપ્ત થઈ નહોતી. હવે તો એમણે અમારી ઝોળી જ્ઞાન રત્નોથી ભરી દીધી છે.

વિચારો, અમે ભગવાનને ગીતા જ્ઞાન સંભળાવતાં જોયા. એમણે માત્ર જ્ઞાન જ ના આપ્યું પરંતુ જ્ઞાનની દરેક વાતને સ્વયં દૃષ્ટિ આપીને સમજાવી. અમે એમને આત્માઓને પ્રેમ આપીને જન્મ જન્મના દુઃખોથી મુક્ત કરાવતાં જોયા. એમની સાથે પોતાનાપણું મેળવ્યું. એમને પોતાના સાથી બનાવી દીધા. તેઓ સ્વયં અમારા ખુદાદોસ્ત બની ગયા. એમના ઉપર અમારો અધિકાર થઈ ગયો. અમે એમની ઘણી નજીક આવી ગયા. અમને અમારી જન્મ જન્મની ભક્તિનું ફળ મળી ગયું. અમે કદી વિચાર્યું પણ નહોતું કે આપણે ભગવાનને પોતાના કહીશું, અમે એમની સમીપ આવી જઈશું.

કેટલો મોટો અધિકાર એમણે આપણને આપ્યો. જરા એમના જ શબ્દો ઉપર ધ્યાન

આપીએ. 'બાળકો બોલાવે અને બાપ ના આવે, એ બની શકતું નથી.' વિચારો, એમણે શું કહ્યું, કોઈ પણ સમસ્યા હોય, દિલથી યાદ કરો, 'મારા બાબા' અને બાબા તરત જ હાજર થઈ જશે. 'શું આપને આ અધિકારની અનુભૂતિ છે ? શું આપે એમને પોતાના પ્રેમ તથા અધિકારની દોરીથી બાંધ્યા નથી ?'

તેઓ અમારા માટે સ્વર્ગ સાથે લાવ્યા છે. તેઓ ખાલી હાથે આવ્યા નથી. તાજ તથા તિલક લઈને આવ્યા છે. અમને જ્ઞાન આપ્યું કે તમે અનેક જન્મો માટે સ્વર્ગની બાદશાહી કઈ રીતે મેળવી શકો. વિચારો, જરા એમણે અમારું સૂતેલું ભાગ્ય જગાવી દીધું છે. અમારા ભાગ્યે પડખું બદલ્યું છે. અમારા ભાગ્યનો સિતારો વિશ્વગગનમાં ચમકી રહ્યો છે. ત્રણ યુગો સુધી આપણે શ્રેષ્ઠ ભાગ્યના માલિક રહીશું. ભાગ્ય પડછાયાની જેમ આપણી સાથે સાથે ચાલશે. આપણને કદી પણ કોઈ વાતનો અભાવ રહેશે નહીં. એટલું જ નહીં એમણે આપણને માસ્ટર ભાગ્યવિધાતા પણ બનાવી દીધા. શું આપનું શ્રેષ્ઠ ભાગ્ય જોઈને આપ પ્રફુલ્લિત નથી થતા ?

અનેક મનુષ્યોનું જીવન દુઃખ, અશાંતિની અગ્નિમાં સળગી રહ્યું છે. કેટલાયે લોકો તનાવમાં રાતો પસાર પસાર કરી રહ્યા છે. ઊંઘના સુખથી પણ વંચિત હતા. બાબાએ આવીને જીવનની રાહો પર ખુશીઓનાં પુષ્પ વેરી દીધાં. અનેક મનુષ્યોએ આત્મતૃપ્તિ મેળવી. કેટલાંયનું જીવન ખુશનુમા બની ગયું. કેટલાયે લોકો વ્યસનોના શિકાર બનીને આસુરી જીવન જીવી રહ્યા હતા. તેઓ સુરાપાન છોડીને હવે અમૃતપાન કરવા લાગ્યા.

માનવજીવન પાપની રાહો પર અંધકારના ગર્તમાં ડૂબતું જઈ રહ્યું હતું. પાપ-પુણ્યનું જ્ઞાન આપ્યું, એમને પાપોમાંથી મુક્તિ અપાવી અને કરેલાં પાપકર્મોના પ્રાયશ્ચિતની યથાર્થ વિધિ બતાવી. બદલાની અગ્નિમાં જીવનાર અનેક મનુષ્યોના ચિત્તને બાબાએ આવીને શાંત કર્યા, દયાભાવ શીખવ્યો. કેટલાયે મનુષ્યો આ ઉપલબ્ધિ માટે સાચા મનથી બાબાનો આભાર માને છે.

ભક્તિમાં આપણે માત્ર સર્વશક્તિવાન કહીને એમની મહિમા ગાતા હતા પરંતુ હવે આપણે એમના સર્વશક્તિવાનનું સ્વરૂપ જોયું. એમની શક્તિઓ સર્વ મનુષ્યાત્માઓના વિકર્મ નષ્ટ કરવા માટે છે. એમણે સ્વયં પોતાના વત્સોને પોતાની શક્તિઓ પ્રદાન કરીને કહ્યું, પ્રિય બાળકો, હવે તમે માસ્ટર સર્વશક્તિવાન તથા વિજયી રત્ન બની ગયા. હવે આ શક્તિઓનો પ્રયોગ કરો અને આ મહાનશક્તિશાળી માયા પર વિજય પ્રાપ્ત કરો. આ શક્તિઓને મેળવીને અમે કામ, ક્રોધ આદિ વિકારોથી મુક્ત થયા. જીવનમાં પવિત્રતાનો પ્રકાશ આવ્યો. અમે ચાલી પડ્યા રાજયોગના સફળ તથા સરળ માર્ગ પર. આ કોઈ સાધારણ પ્રાપ્તિ નથી.

વિચારો, સ્વયં ભગવાને આપણને રાજયોગની ગુહ્યવિદ્યા આપી. આ યોગના બળથી આપણે આ પરમશક્તિઓને, એમની પરમશાંતિને તથા પવિત્રતાના બળને પ્રાપ્ત કરવા લાગ્યા અને આ શક્તિઓ દ્વારા જન્મ જન્મના વિકર્મ નષ્ટ થવા લાગ્યા. પરિણામ સ્વરૂપે આપણે કર્માતીત તથા મુક્ત અવસ્થાની તરફ આગળ વધવા લાગ્યા.

જરા વિચારો, તમે ભગવાનને પરમ સતગુરુના રૂપે મેળવ્યા. આ સ્વરૂપથી એમણે તમારી ઝોળી અનેક વરદાનોથી ભરી દીધી. આ ધરા પર અનેક યોગી ઈશ્વરીય વરદાનોથી ભરપૂર બની ગયા અને એનો પ્રયોગ વિશ્વ કલ્યાણના કાર્યમાં કરવા લાગ્યા. અનેકોના શિર પર એમનો

વરદાની હાથ આવી ગયો.

અમે ભગવાનને ખુદા દોસ્તના રૂપમાં પણ મેળવ્યા. કેટલાક બ્રહ્માવત્સોએ એમને પોતાના સાચા મિત્ર બનાવી દીધા. તેઓ ખુદા દોસ્ત બનીને સાચી મિત્રતા નિભાવી રહ્યા છે. તેઓ પોતાના પ્રિય સાથીઓના શિર પર છત્રછાયા બનીને રહે છે. આપ આપની આ ચમત્કારિક પ્રાપ્તિની અનુભૂતિ કરો.

કેટલાંયનું જીવન રડતાં-રડતાં, લક્ષ્યવિહીન, ઉમંગો રહિત તથા હિંમત વિના ચાલી રહ્યું હતું. બાબાએ આવીને જીવનદાન આપ્યું છે. માયા તથા સમસ્યાઓથી મૂર્છિત મનુષ્યોનું શિર ફરીથી સુરજીત કર્યું છે. હે દેવકુળના શ્રૃંગાર આત્માઓ, જરા પોતાના ભાગ્યને જોઈને તેને વારંવાર યાદ કરો. તમે પરમાત્મ પાલનાનો અનુભવ કરો છો. લોકો તો ઉઠતાં જ સમસ્યાઓ તથા પડકારોનો સામનો કરે છે. પરંતુ આંખ ખુલતાં જ તમારું તો પ્રભુમિલન થાય છે. તમારા દિવસની શરૂઆત જ પ્રસન્નતા અને પ્રભુમિલનથી થાય છે. તમે કદી વિચાર્યું હતું કે સ્વયં ભગવાન ગીતા જ્ઞાન આપવા આવશે. તમને તો ખવડાવે પણ તેજ છે અને મા બનીને પ્રેમનું હાલરડું ગાઈ, મનના સમગ્ર બોજ હરીને શયન માટે પણ રોજ આવે છે. વિચારો, શું આવી પ્રભુ પાલના અન્ય કોઈના ભાગ્યમાં છે. તે દરેક સમયે તમને મદદ આપવા માટે તૈયાર રહે છે.

કેટલાયે લોકો જીવનમાં એકલા હતા. એમને આ સંસારમાં ક્યાંય પણ પ્રકાશ દેખાતો નહોતો. તેઓ એ વિચારીને દુ:ખી હતા કે જીવનની યાત્રા કઈ રીતે પાર થશે ? પરંતુ ભગવાન સ્વયં જીવન સાથીના રૂપે મળી ગયા તો તેઓ ધન્ય ધન્ય થઈ ગયા. એમના સુખોની સીમા નથી. એમનાં પગલાં હવે ધરતી પર પડતાં નથી. તેઓ એકલા હતા, હવે બાબા જ એમનો સંસાર બની ગયા.

ભગવાન સ્વયં લાખોના જીવનમાં આવ્યા. એમના માટે સહારો બનીને. તેઓ સૌ સહારા વગરના હતા. એમના રાહ પર અંધકાર હતો. કાંટા પથરાયેલા હતા. આ કાંટા પોતાના જ માનવોએ એમના માટે બિછાવ્યા હતા. બાબાએ આવીને કાંટાઓને ફૂલોની પથારી બનાવી દીધી. બાબાએ આવીને નારીને શિવશક્તિ બનાવી. એમનાં આંસુ લૂછ્યાં અને પ્રેમ તથા સન્માન આપ્યાં. જે મસ્તક છુપાવીને રહેતી હતી એને પડકાર આપવાનું શીખવાડ્યું. નારીના શિર પર કળશ રાખીને એને સરસ્વતી સમાન જ્ઞાનની દેવી બનાવી દીધી. વિકારો ઉપર વિકરાળ રૂપ બનાવીને મહાકાળી સમાન બનાવી દીધી.

અનેક નિર્ધનોને જાગૃત કર્યા. તેઓ ગરીબ છે એ ભાવથી મુક્ત કર્યા. એમનામાં ઉમંગ ભર્યો કે તમે જો દીન છો તો હું દીનબંધુ છું. તમારી પાસે જો ધન-દોલત નથી તો કોઈ વાંધો નહીં. મારા બધા ખજાના તમારા છે. તમે ચિંતા ના કરો. તમે કદી પણ ભૂખ્યા રહેશો નહીં. સત્ય તો એ છે કે બાબાએ એમનું અલ્પ ધન લઈને એમને ધન સંપન્ન પણ બનાવી દીધા. અને શિખામણ આપી કે આ ધનથી પુણ્ય જ કરશો.

ભગવાન તો મળ્યા જ પરંતુ એમણે આપણને સ્મૃતિઓ અપાવીને આપણું સૂતેલું સ્વમાન પણ જાગૃત કરી દીધું. આપણે સ્વયંને માયામાં ડૂબેલા દીન-હીન, તુચ્છ સમજતા હતા પરંતુ એમણે આવીને આપણને યાદ અપાવ્યું કે ના બાળકો, તમે તો દેવકુળના મહાન આત્મા છો. તમે મારા છો અને હું તમારો છું. બાળકો તમે નિર્બળ નથી માસ્ટર સર્વ શક્તિવાન છો. તમે પોતાની શક્તિઓને ઓળખો. તમારામાં અનંત શક્તિઓ રહેલી છે. તમે સમસ્યાઓથી પણ વધુ બળવાન

છો. તમે જ મહાવીર છો, તમે જ વિઘ્ન વિનાશક ગણેશ છો. જેમની મંદિરોમાં આરાધના થઈ રહી છે તે જ દેવીઓ તમે છો. તમે જ વિજયમાળાના મણકા છો. જેના સ્મરણથી ભક્ત પણ સમસ્યાઓથી મુક્ત થઈ રહ્યા છે. પોતાની આ પ્રાપ્તિઓ વિશે વિચારો. એમણે આપણને માંગનારા નહીં, પ્રાર્થના કરનારા નહીં પરંતુ આપનારા બનાવી દીધા. આપણી સુષુપ્ત શક્તિઓને જગાડી દીધી.

બાબાએ આવીને આપણને પવિત્રતાનો ખજાનો આપ્યો. ખુશીઓની દોલત આપી. મનુષ્ય તો સંપત્તિ ખુશી મેળવવા માટે ભેગી કરે છે પરંતુ બાબાએ આપણને એ અનુભૂતિ કરાવી કે ખુશી જ સૌથી મોટી દોલત છે. અનેકોના જીવનમાં ખુશીઓના બગીચા ખીલી ઉઠ્યા. અનેકોના ચહેરાઓ ચમકવા લાગ્યા. પોતાના સર્વ ખજાનાઓના બાબાએ આપણને માલિક બનાવી દીધા. આપણી આ અનુપમ પ્રાપ્તિની અનુભૂતિ કરો, સ્વીકાર કરો.

બાબાએ પવિત્રતા આપણને તપસ્યાના રૂપમાં આપી નથી પણ ખજાનાના રૂપમાં આપી છે. એને મેળવીને આપણું જીવન આનંદથી ભરાઈ ગયું. એનાથી આપણામાં પ્રકૃતિના માલિક બનવાનું બળ આવી ગયું. બાબાએ દરરોજ જ્ઞાનમુરલી સંભળાવીને આપણા મનમયૂરને નૃત્ય કરાવડાવ્યું. મુરલી સર્વશ્રેષ્ઠ વરદાન અમૂલ્ય ખજાનો, અમૂલ્ય નિધિ તથા સર્વ સમસ્યાઓનું નિરાકરણ કરનારી શક્તિ છે.

દરરોજ સવારે આંખ ખૂલતાં જ પોતાની પ્રાપ્તિઓને યાદ કરો કે આ અંતિમ પવિત્ર બ્રાહ્મણ જીવનમાં આપણે શું શું જોયું, શું શું મેળવ્યું. દિવ્ય બુદ્ધિ મળી. સંકલ્પશક્તિનું જ્ઞાન મળ્યું. બાબાએ આપણને સ્વદર્શન ચક્રધારી બનાવ્યા. જ્ઞાતિજાતિથી ઉપર ઉઠાવીને અધ્યાત્મની શક્તિથી સંપન્ન બનાવી દીધા. આપણા વિચારો બદલી દીધા, બોલ બદલી દીધા, સંસ્કાર તથા આહાર વિહાર, આચરણ બદલી દીધાં. સાચું કહીએ તો એમણે આપણને બોલતાં શીખવી દીધું. આવા મહાન ભાગ્યના આપણે માલિક છીએ. ભગવાને આપણને દિલમાં સ્થાન આપ્યું અને પોતાના સમાન બનવાના આસન ઉપર બેસાડ્યા. એને યાદ કરતા રહીએ અને પ્રભુપ્રેમમાં મગ્ન બની જઈએ.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 31નું અનુસંધાન)..... પ્રસંગ પરિમલ

જણાવતી હતી. આ ખાસ એમણે મારા માટે મોકલી છે. વારંવાર બસ નથનીની જ વાત.

એમની પાછળ ચાલતા કબીરજીના કાનમાં બધી વાતો સંભળાઈ રહી હતી. ઝડપથી ચાલીને કબીરજી એ સ્ત્રી પાસેથી નીકળ્યા અને કહ્યું કે 'નથની દીની યારને, તો ચિંતન બારમ્બાર ઔર નાક દીની જિસ કિરતારને ઉનકો તો દિયા બિસાર'. વિચારો કે જો નાક જ ના હોત તો નથની ક્યાં પહેરતી ? જીવનમાં આપણે આજ કરીએ છીએ.

ભૌતિક વસ્તુઓનું તો આપણને જ્ઞાન રહે છે. પરંતુ જે પરમાત્માએ દુર્લભ મનુષ્ય દેહ આપ્યો અને એ દેહ સંબંધિત બધી વસ્તુઓ, સર્વ સંબંધો આપ્યા, એમને યાદ કરવા માટે આપણી પાસે સમય નથી. એટલે અગણિત અમૂલ્ય પ્રદાન માટે આપણે પરમાત્માના આભારી બનીએ. પ્રભુ સ્મૃતિ અને નિરાભિમાની સ્થિતિ જ પરમાત્માની દેણને અવિનાશી અને સદૈવ ખૂબસૂરત બનાવી જાળવી શકે છે.

॥ ઓમશાંતિ ॥

શાંતિ અને વિકાસ

બી.કે. શીલુબેન, માઉન્ટ આબુ

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જોન એફ. કેનેડીએ કહ્યું હતું - આ એક દુર્ભાગ્યની વાત છે કે આપણે યુદ્ધની તૈયારીથી શાંતિ પ્રાપ્ત કરી શકીએ છીએ. બીજા વિશ્વ યુદ્ધ પછી સંસાર માટે 'વિશ્વશાંતિ' ચિંતાનો ઘણો મોટો વિષય બની ગઈ છે. કારણ કે હજુ સુધી પણ શીતયુદ્ધ, જાતીય યુદ્ધ અને શસ્ત્રોની સ્પર્ધાનો ક્રમ ચાલુ જ છે.

શાંતિ માટે શસ્ત્ર સ્પર્ધા

બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વમાં ચાલી રહેલા સંઘર્ષોને રોકવા અને શાંતિ તથા વિકાસની વૃદ્ધિ માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘની સ્થાપના કરી. પાછલા સાત દશકોમાં એક પણ વર્ષ એવું નથી વીત્યું કે જ્યારે નાનાં-મોટાં યુદ્ધો ના થયાં હોય. આ એક કટુ સત્ય છે કે આજે પણ આ સૃષ્ટિ પર 40 થી વધારે દેશોમાં ક્યાંક ને ક્યાંક યુદ્ધ થઈ રહ્યાં છે.

આજે ધર્મના નામ પર પણ કેટલાં યુદ્ધ થઈ રહ્યાં છે. તેથી શાંતિ જાળવી રાખવી એક ઘણું મુશ્કેલ કાર્ય બની ગયું છે. જો કે યુ.એન. કેટલાયે દેશોમાં શાંતિ જાળવી રાખવા માટે શાંતિ સૈનિકો મોકલી રહ્યું છે. છતાં પણ શાંતિરૂપી પક્ષી કેટલાંયે માઈલો દૂર છે. કોઈએ કહ્યું છે કે શાંતિના ઈતિહાસમાં એ સારી ક્ષણ છે કે પોતાનાં ક્ષેત્રમાં શાંતિ જાળવવા માટે અણુ અસ્ત્ર-શસ્ત્રોને વધારે બનાવી રહ્યાં છે. શસ્ત્ર બનાવનાર દેશ પોતાની જરૂરિયાત કરતાં વધારે શસ્ત્રોનું નિર્માણ કરી રહ્યાં છે. તેઓ નાના નાના દેશોને આ શસ્ત્રો વેચે છે. જેથી આ દેશ પોતાના પડોસી દુશ્મન દેશ સામે લડી શકે. એ પછી તેઓ એ દેશને વધારે આધુનિક હથિયારો વેચે છે. આમ બંને બાજુથી નફો રળે છે. એનાથી કેટલાયે દેશો વચ્ચે કેટલાંયે વર્ષો સુધી યુદ્ધ ચાલતું રહે છે. સચ્ચાઈ તો એ છે કે શાંતિને બદલે વિશ્વમાં હથિયારોની ખતરનાક સ્પર્ધા ચાલી રહી છે. જેથી આજે મોતની સંભાવનાઓ વધી રહી છે. આતંકવાદનો ઓછાયો આ સ્પર્ધાને આગળ વધારી રહ્યો છે. મોત સસ્તું બની ગયું હોય તેમ અનેકાનેક નિર્દોષ લોકોની હત્યાઓ થઈ રહી છે.

વિકાસ માટેનું ધન સુરક્ષા માટે ખર્ચાઈ રહ્યું છે.

યુદ્ધ થાય કે ના થાય પરંતુ આજે શાંતિ એક મોંઘો કારોબાર બની ગઈ છે. ટુકડાઓમાં વહેંચાઈ ગયેલા આ સંસારમાં શાંતિ જાળવી રાખવા કેટલો સમય, શક્તિ, ધન, સંસાધન અને મનુષ્યોની બલિ થઈ રહી છે. બંદૂકોની આડમાં આપણે ક્યા પ્રકારની શાંતિનો આનંદ લઈ રહ્યા છીએ. આ પણ એક વિચારણીય વિષય છે. ATM અર્થાત્ એની ટાઈમ મનીની જેમ આજે ATW અર્થાત્ એની ટાઈમ વોર પણ વાસ્તવિકતા બની ગઈ છે. આજે આપણને દરેક બાબત માટે સુરક્ષા સૈનિક રાખવા પડે છે. ઘરની બહાર, ઓફિસની બહાર, રેલ્વે સ્ટેશન, એરપોર્ટ, બસો અને ટ્રેનોમાં પણ સુરક્ષાની આવશ્યકતા વધતી જઈ રહી છે. ક્યાંય પણ, ક્યારે પણ કંઈ થઈ શકે છે. માનવનો માનવમાંથી વિશ્વાસ ઉઠી ગયો છે. આવી સ્થિતિમાં દરેક દેશ પોતાના બજેટમાં સુરક્ષા પર વધારેને વધારે બજેટ ફાળવી રહ્યા છે. પરિણામ સ્વરૂપ જે

ધન વિકાસ અર્થાત્ સ્વાસ્થ્ય, શિક્ષણ, પાયાની સગવડો, આર્થિક પ્રગતિ, કૃષિ વગેરેમાં વપરાવું જોઈએ તે આજે સુરક્ષા માટે લાગી રહ્યું છે. એથી આપણે જે ઈચ્છીએ છીએ તે કરી શકતા નથી.

આ ધરા પર એવો સમય પણ હતો કે લોકોને પોતાનાં ઘરોમાં તાળાઓ લગાવવાની જરૂર નહોતી. એટલો પરસ્પર વિશ્વાસ રહેતો હતો. પણ આજની હાલત જોઈને એક ગીત યાદ આવી રહ્યું છે - 'દેખ તેરે સંસાર કી હાલત ક્યા હો ગયી ભગવાન, કિતના બદલ ગયા ઈન્સાન.' તો હવે એ સમય આવી ગયો છે કે શાંતિ પ્રાપ્ત કરવા માટે આપણે કેટલી કિંમત ચૂકવવી પડશે.

વિશ્વશાંતિ પહેલાં જોઈએ વ્યક્તિગત શાંતિ

એમ કહેવામાં આવે છે કે યુદ્ધસ્થળ પર યુદ્ધ શરૂ થતાં પહેલાં મનમાં યુદ્ધ શરૂ થાય છે. એ રીતે શાંતિ પણ વિશ્વમાં આવતા પહેલાં મનમાં આવે છે. જે રીતે ટીપે ટીપે સરોવર ભરાય છે એ રીતે વ્યક્તિગત શાંતિથી જ વિશ્વમાં શાંતિ આવશે. પરિવારમાં આવવાથી સમાજમાં આવશે, સમાજમાં આવવાથી દેશમાં આવશે. દેશમાં શાંતિ આવશે, તો સમગ્ર વિશ્વમાં શાંતિ આવશે. અત્યારે વ્યક્તિગત શાંતિનો અનુભવ કરવાની ઘણી જ જરૂર છે. મનમાં શાંતિ મેળવવા માટે આપણે પોતાનામાં પ્રેમ, વિશ્વાસ, સહિષ્ણુતા, સત્યતા, સન્માન, સહયોગ, નમ્રતા વગેરે મૂલ્યોનો વિકાસ કરવો પડશે. આ મૂલ્યોના વિકાસ માટે જીવનમાં આધ્યાત્મિકતાને સ્થાન આપવું પડશે. કારણ કે આધ્યાત્મિકતાના અભાવથી જ સમગ્ર માનવીય મૂલ્ય નષ્ટ થઈ રહ્યાં છે. જેથી આ સંસાર નરક બની ગયો છે. કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા, દ્વેષ, આળસ, અલબેલાપણું, સ્વાર્થ, લાલચ, જલન, છળકપટ, નિંદા ચાડી, અપ્રમાણિકતા, હેરાફેરી, બદલાની ભાવના વગેરે અનેકાનેક વિકૃતિઓની વિષમતાઓની જાળમાં મનુષ્ય ફસાતો જઈ રહ્યો છે. તેના કારણે તે જીવનમાં દુઃખ અને અશાંતિનો અનુભવ કરે છે. જો આપણે શાંતિ ઈચ્છીએ છીએ તો જીવનમાં આધ્યાત્મિકતાને સ્થાન આપવું પડશે. એનો અભાવ જ સર્વ સમસ્યાઓનું મૂળ છે. આધ્યાત્મિકતા શું છે તેને આપણે સમજવું પડશે.

શાંતિના ચિંતનથી મળશે શાંતિ

આધ્યાત્મિકતા ધર્મથી મહાન છે. આધ્યાત્મિકતા અર્થાત્ આત્માનું અધ્યયન અર્થાત્ સમજવું. આપણે કોણ છીએ ? ક્યાંથી આવ્યા છીએ. શા માટે આવ્યા છીએ ? જીવનનું લક્ષ્ય શું છે ? આપણે શું કરવાનું છે અને ક્યાં જવાનું છે વગેરે વગેરે. આધ્યાત્મિક જ્ઞાન તો કહે છે કે શાંતિ તો આપ આત્માનો સ્વધર્મ છે. શાંતિ તો આપની અંદર જ નિવાસ કરે છે. પરંતુ આ કેવી આશ્ચર્યની વાત છે કે જે શાંતિ અંદર છે એને આપણે બહાર શોધી રહ્યા છીએ. શાંતિ તો આપણી વિચારધારા છે. જો આપણે શાંતિનું ચિંતન કરીશું તો આપણે શાંતિ જ મેળવીશું. અશાંતિનું ચિંતન કરશો તો અશાંતિ જ મળશે. એટલે કહેવાયું છે કે તમે જેવું વિચારો છો તેવા બની જાઓ છો. તો શાંતિ આપણાથી કેટલી દૂર છે ? વાસ્તવમાં શાંતિ તો આપણા એક વિચારના જેટલી દૂર છે. શાંતિ આપણા ગળાનો હાર છે. ઓમશાંતિ મહામંત્ર આપણને શાંતિનો અનુભવ કરાવે છે. આપણે આ દેહથી ભિન્ન એક અજર-અમર-અવિનાશી ચૈતન્યશક્તિ આત્મા છીએ. જે કદી સળગતો નથી, જે ઓગળતો નથી કે સૂકાતો નથી. આ આત્મ નિશ્ચય જ આપણને આત્મબોધ કરાવશે અને આપણે જીવનમાં શાંતિનો અનુભવ અવશ્ય કરીશું. બીજાઓને પણ આપણે શાંતિનો અનુભવ કરાવી શકીશું. એનાથી જીવનમાં પણ

(અનુસંધાન પેજ નં. 06 પર)

બાબા સાથેના પ્રથમ મિલનમાં સમર્પણ

બી.કે. વિજયાબેન, સિધ્ધપુર

મારો લૌકિક જન્મ જયપુરમાં એક ધાર્મિક કુટુંબમાં થયો. લૌકિક દાદાજી ઘણા જ ભક્તિભાવ વાળા હતા. મારામાં પણ એમણે ભક્તિના સંસ્કારો સિંચ્યા હતા. સ્કૂલમાં જતાં પહેલાં ભગવાનને વંદન કરીને જ જવાનું હતું. સન 1964માં દાદાજીને બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનો પરિચય થયો. સાપ્તાહિક કોર્સ કર્યા પછી તેઓ નિયમિત જ્ઞાન અભ્યાસ કરવા લાગ્યા. એમને નિયમિત બહાર જતા જોઈને એક દિવસે મેં પ્રશ્ન કર્યો કે આપ સાંજે રોજ ક્યાં જાઓ છો ? મને પણ આપની સાથે લઈ જાઓ. એમણે કહ્યું, હું સત્સંગમાં જાઉં છું. તું હજુ નાની છે એટલે ભણવામાં મન પરોવ.

બાબા મિલનના અનુભવ સાંભળીને હું તડપવા લાગી

એક દિવસ હું હઠ કરીને એમની સાથે ગઈ. સેવાકેન્દ્ર ઉપર પગ મૂકતાં જ તેનું વાતાવરણ હૃદયને સ્પર્શી ગયું. યોગ ચાલી રહ્યો હતો. લાલ પ્રકાશથી ઓરડો (યોગરૂમ) પ્રકાશિત હતો. નિમિત્ત બહેન યોગ કરાવી રહ્યાં હતાં. મનમાં એવી ભાવના જાગી કે અહીં તો રોજ આવવું જોઈએ. પછી નિયમિત સેન્ટરમાં આવવા લાગી. થોડો પરિચય મળ્યો કે આ શિવબાબા છે, બ્રહ્મા બાબા છે અને બાબાનાં મહાવાક્યો (મુરલી) સાંભળવા લાગી.

કેટલાક મહીનાઓ પછી દાદીજી તથા દાદાજી મધુવન (પાંડવભવન)માં સાકારબાબાને મળવા ગયાં. ત્યાંથી આવ્યા પછી જ્યારે તેઓ બાબાને મળવાનો અનુભવ સંભળાવ્યો તો હું તડપતી હતી કે મારે પણ બાબાને મળવું છે. મેં બાબાને પત્ર લખ્યો અને મનની લગન પ્રગટ કરી. બાબાએ જવાબમાં લખ્યું કે, બેટી જ્યારે ઈચ્છે ત્યારે આવી શકે છે. દૃઢ સંકલ્પ સફળ થયો અને સન 1968માં સ્કૂલની પરીક્ષા આપીને દાદાજીની સાથે મધુવન પહોંચી ગઈ.



મને કહ્યું, બાબાથી દૂર જવું નથી

પાંડવભવનમાં સાંજે બાબાને મળવાનું થયું. મેં બાબાને જોયા અને એમની ગોદમાં ચાલી ગઈ. એવું લાગ્યું કે મારી જન્મ જન્મની તૃષા તૃપ્ત થઈ ગઈ છે. મન એ જ કહી રહ્યું હતું કે હવે બાબાથી દૂર જવું નથી. ફરી બાબાએ પોતાના હાથથી ટોલી (પ્રસાદ) ખવડાવી અને કહ્યું, બેટી કાલે બાબા ફરીથી મળશે. બાબાનાં આ મહાવાક્ય સાંભળીને મન ખુશીથી નાચી ઉઠ્યું. કે કાલે બાબા સાથે વ્યક્તિગત મુલાકાત થશે.

સેવાકેન્દ્ર ઉપર રહેવાનો પાક્કો પ્રોગ્રામ બનાવી દીધો

બીજા દિવસે હું તથા દાદાજી બાબાની ઝૂંપડીમાં મળ્યાં. જેની રાહ જોતી હતી તે સન્મુખ મિલનની ઘડી આવી ગઈ. હું બાબાની સામે બેઠી દાદાજી બાજુમાં બેઠા. પહેલાં તો બાબાએ મને શક્તિશાળી દૃષ્ટિ આપી પછી પૂછ્યું, બેટી, અત્યારે શું કરી રહી છો. અત્યારે સ્કૂલની પરીક્ષા આપીને આપને મળવા આવી છું. બાબાએ કહ્યું, અહીંથી પાછા ફરીને શું કરીશ ? મેં કહ્યું બાબા, હવે તો આગળ ભણવાનું છે. આ સાંભળીને બાબા

ગંભીર થઈ ગયા. મને દૃષ્ટિ આપવા લાગ્યા. મને લાગ્યું કે બાબા મારું ભાગ્ય જોઈ રહ્યા છે. કેટલાક સમય પછી બોલ્યા. બેટી, હવે આગળ ભણવાનું નથી. આ મહાવાક્ય સાંભળીને હું થોડી ગંભીર થઈ ગઈ. અને વારંવાર બાબાને અને દાદાને જોવા લાગી. મનમાં સંકલ્પ આવ્યો કે બાબાની આજ્ઞા છે તો મારે એનું પાલન કરવાનું છે. પછી મેં મનનો ભાવ પ્રગટ કરીને કહ્યું કે બાબા, આપની આજ્ઞા છે તો હવે આગળ નહીં ભણું અને ઈશ્વરીય સેવા કરીશ. પછી બાબાએ બીજો પ્રશ્ન કર્યો કે બેટી, લગન તો નથી કરવાનું ને ? મેં કહ્યું, ના બાબા. હું તો આપની જ છું અને આપની જ રહીશ. મારો ઉત્તર સાંભળીને બાબાએ દાદાજીને કહ્યું કે હું બેટીને અમૃતસર તાલીમ માટે મોકલીશ. આપ લૌકિક ઘેર જજો. બેટી અત્યારે લૌકિક ઘેરથી કંઈ પણ લેશે નહીં. બેટીની પાલના હવે યજ્ઞથી થશે. ત્યારે બાબાને બીજો વિચાર આવ્યો. બોલ્યા, સારું બેટીને હું કલકત્તા મોકલું છું. ત્યાં ટ્રેનીંગ લેશે. આ સાંભળીને દાદાએ કહ્યું કે બાબા, એના લૌકિક પિતા તો અમદાવાદમાં રહે છે. આપ એને આટલી દૂર મોકલશો, તો તે મારાથી નારાજ થશે. જો આપ બેટીને અમદાવાદ મોકલશો તો ઘણું સારું રહેશે. બાબાએ કહ્યું હા, બેટી અમદાવાદ પણ જઈ શકે છે. બાબા ચીઠ્ઠી લખીને આપે છે. આ રીતે મારો સેવાકેન્દ્ર ઉપર રહેવાનો પાક્કો પ્રોગ્રામ બાબાએ બનાવ્યો અને પછી દૃષ્ટિ આપીને મને ગોદમાં સમાવી લીધી. હું જેવી બાબાની ગોદમાં ગઈ. અનુભવ થયો કે બાબાએ દૈહિક બંધનોથી મુક્ત કરીને હળવી બનાવી દીધી. ભગવાને સ્વયં મારું ભાગ્ય જોઈને મારું ભાગ્ય ઊંચું બનાવી દીધું. મારી ખુશીનો પાર નહોતો.

બાબાની પરીક્ષામાં પાસ થઈ ગઈ

મારા સમાન ઉંમરવાળી ઘણી કન્યાઓ એ સમયે આવી હતી. મેં સર્વને કહ્યું કે બાબાએ મને સેવાકેન્દ્ર ઉપર જવાની રજા આપી દીધી. તે સૌ કહેવા લાગી કે અમે તો ક્યારનાંયે કહીએ છીએ કે બાબા અમને સેવાકેન્દ્ર પર મોકલો તો બાબા હજુ હા કહેતા નથી. આપ ઘણાં ભાગ્યશાળી છો કે બાબાએ આપને સેવાકેન્દ્ર ઉપર જવાની આજ્ઞા કરી દીધી. પછી તો બાબાની મુરલી સાંભળતાં, મિલન મનાવતાં સેવાકેન્દ્ર પર જવાનો દિવસ આવી ગયો. સેવાકેન્દ્ર પર જતાં પહેલાં બાબાએ સૌગાત લેવા માટે બોલાવ્યાં. બાબાએ મારા માટે ત્રણ કાશ્મીરી ભરતના ડ્રેસ મૂક્યા. મને કહ્યું કે બેટી, આમાંથી બે ડ્રેસ પસંદ કરી લો. મેં કહ્યું બાબા, આપતો મને સેવાકેન્દ્ર પર મોકલો છો. હવે તો હું આપની બેટી પાક્કી બ્રહ્માકુમારી બની છું. આપ મારી પરીક્ષા લો છો ? હવે મારે આ રંગીન ડ્રેસ પહેરવા નથી. મને આપના હસ્તે બ્રહ્માકુમારીનો ડ્રેસ આપો. ત્યારે બાબાએ કહ્યું, ‘બેટી બાબા આપની પરીક્ષા લઈ રહ્યા હતા કે હજુ પણ મન રંગીન કપડાંમાં તો નથી ને ? આપ પાસ થઈ ગઈ. બાબાએ બ્રહ્માકુમારી જીવનના બે ડ્રેસ તૈયાર રાખ્યા હતા. મેં કહ્યું, મને તે ડ્રેસ આપના હસ્તે આપો. આમ અલૌકિક જીવનનો સ્ટેમ્પ મારી દીધો.

મારો દૃઢ નિશ્ચય જોઈને માતા-પિતા પાછાં ગયાં

આગળનો દિવસ બાબાથી વિદાય લેવાનો દિવસ હતો. બાબાને છોડવાનું દિલ થતું નહોતું. બાબાને ભેટીને આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. બાબાએ પ્રેમભરી દૃષ્ટિ આપતાં કહ્યું કે બેટી, આપને સેવા પર મોકલી રહ્યો છું. આપે બાબાનું નામ બાલા (પ્રત્યક્ષ) કરવાનું છે. હું બાબાની યાદ અને પ્યાર લઈને અમદાવાદ-પાલડી સેવાકેન્દ્ર પર પહોંચી. સેવાકેન્દ્ર ઉપર એવું લાગતું

હતું કે જાણે હું મારા ઘેર આવી ગઈ છું. માતા-પિતાને સમાચાર મળ્યા તો તેઓ સેવાકેન્દ્ર પર મળવા આવ્યા. થોડો સમય વાતચીત કર્યા પછી કહ્યું કે ચાલો, અમારી સાથે ઘેર. મેં કહ્યું, હવે તો હું અહીં જ રહીશ. દાદાજીએ કહ્યું કે બેટીએ ખુશીથી આ જીવન બનાવવાનો સંકલ્પ કર્યો છે. માતા-પિતા મારો દૃઢ નિશ્ચય જોઈને પાછાં ગયાં કહેતાં ગયાં કે ઘર પર મળવા આવતાં રહેજો.

લોકોનાં મહેણાં

બાબાએ લૌકિક ઘેર જવાની રજા આપી હતી. હું બ્રહ્માકુમારી ડ્રેસમાં જ માતાપિતાને મળવા જતી હતી. આસપાસના લોકો મને જોઈને કહેતાં કે આપને લગનનો ખર્ચ કરવો નહોતો. દહેજ આપવું નહોતું એટલે એને સન્યાસી બનાવી દીધી. લૌકિક માતાપિતાએ કહ્યું, તમે તો જીવન બનાવી લીધું પણ લોકો અમને મહેણાં મારે છે. તેથી જ્યારે ઘેર આવો ત્યારે રંગીન કપડાં પહેરીને આવો માતાજીની આવી મૂંઝવણભરી અવસ્થાને કારણે હું કેટલાયે દિવસો સુધી ઘેર ગઈ નહીં. બહુ બોલાવવાને કારણે જ્યારે ઘેર ગઈ તો તે બોલી, આપ તો દેવી છો. પૂજ્ય છો. મેં તો લોકોની વાતોમાં આવીને તમને જેમ તેમ કહી દીધું હતું. આમ કહેતાં એમની આંખો આંસુઓથી ભરાઈ ગઈ. પછીથી તો અમારા ઘરની બાજુમાં જ સેવાકેન્દ્ર ખૂલ્યું અને માતાજી, પિતાજી, નાની બહેન પણ સેવાકેન્દ્ર જવા લાગ્યાં. લૌકિક નાની બહેને પણ બાબાને ઓળખીને પોતાનું જીવન ઈશ્વરીય સેવામાં સમર્પિત કરી દીધું. જે બ્રહ્માકુમારી લક્ષ્મીબેન 40 વર્ષોથી અમરાઈવાડી, અમદાવાદ સેવાકેન્દ્રનું સંચાલન કરે છે.

પરસ્પર ઝગડવું નહીં

સેવાકેન્દ્ર ઉપર રહેવાથી મને સેવા કરવાનો અનુભવ મળ્યો. કેટલાક સમય પછી મધુવન જવાનું સદ્ભાગ્ય મળ્યું. વચ્ચે વચ્ચે બાબાના ફોન તથા પત્રો દ્વારા મળવાનું થતું. બાબા સવારે 6.15 વાગે ક્લાસમાં આવતા હતા. એ પહેલાં અમે તૈયાર થઈને બાબાને ગૂડમોર્નીંગ કરવા જતાં હતાં. એક દિવસ ગૂડમોર્નીંગ કરીને હું બાબા પાસેથી દૃષ્ટિ લઈ રહી હતી. તો બાબાએ મને પોતાની પાસે બેસાડી અને પૂછ્યું, બેટી, સેવાકેન્દ્ર પર સારું લાગે છે ને ? સૌ હળીમળીને રહો છો ને ? મેં કહ્યું હા, બાબા. પછી બાબાએ પૂછ્યું, બેટી આપ જેની સાથે રહો છો તેની સાથે કદી પરસ્પર લડતાં ઝઘડતાં તો નથી ને ? મેં કહ્યું, ના બાબા. અમે સૌ પરસ્પર પ્રેમથી રહીએ છીએ. અને સેવા કરીએ છીએ. બાબાએ કહ્યું, બેટી કદી પરસ્પર લડવું - ઝઘડવું નહીં કારણ કે બાબાની પાસે એક બેટી છે તેને જે પણ સેવાકેન્દ્ર ઉપર મોકલું છું ત્યાંથી લડી ઝઘડીને પાછી બાબાની પાસે આવી જાય છે. બેટી, તને તો ખબર છે ને કે સતયુગમાં શું બનશે ? બેટી, તારે સેવા કરીને બાબાનું નામ પ્રત્યક્ષ કરવાનું છે.

જલ્દી જાઓ, જલ્દી આવો

એ સમયે લચ્છુદાદી બે પ્રકારની ટોલી લઈને આવી અને બાબાને પૂછ્યું, બાબા આજ ક્લાસમાં કઈ ટોલી આપવાની છે ? બાબા મને પૂછવા લાગ્યા. બેટી, બતાવો આજે કઈ ટોલી આપીએ ? બાબા સ્વયં ઓથોરિટી હતા પણ બાળકોનો ઉમંગ-ઉત્સાહ વધારવા એમને આગળ રાખતા હતા. મેં ઈશારો કરીને કહ્યું, આ ટોલી આપીશું. પછી અમે ક્લાસમાં ગયા. બાબાની મુરલી સાંભળવા લાગ્યા. હું ઘણી દૂર બેઠી હતી. બાબાએ મને ઈશારાથી બોલાવીને પોતાની સામે બેસાડી. ક્લાસ પૂરો થયા પછી ટોલી વહેંચવાની સેવા મારા દ્વારા કરાવી. સેવાકેન્દ્ર પર જવાના એક દિવસ પહેલાં બાબાએ મને પોતાની સાથે હીંચકામાં બેસીને મને ઝૂલાવી. મને પૂછ્યું, બેટી, કોની સાથે

હીંચકો ખાઈ રહી છું ? મેં કહ્યું બાપદાદાની સાથે. આ રીતે હીંચકો ખાતાં, મિલન મનાવતાં એક સપ્તાહ ક્યાંય વીતી ગયું એની ખબર પણ ના પડી. પાછા ફરતાં બાબાએ કહ્યું, જલદી જાઓ. જલદી આવો. Go Soon, Come Soonની ટોલી આપતાં બાબાએ કહ્યું, બેટી, તારે તો દેશ વિદેશમાં બાબાનું નામ પ્રત્યક્ષ કરવાનું છે.

અવ્યક્ત થવા છતાં પણ બાબા સદા સાથે

મને એ ખબર નહોતી કે બાબાની સાથે મારી આ અંતિમ મુલાકાત છે. બાબાના શરીર છોડ્યા બાદ પણ એવો અનુભવ થતો કે હવે મધુવનમાં હું કોને મળવા જઈશ ? મને બાબા જેવું સાનિધ્ય હવે કોની પાસેથી મળશે ? પણ જ્યારે મધુવન ગઈ તો પાંડવભવનના દરવાજામાં પગ મૂકતાં જ એમ લાગ્યું કે બાબા સામે ઊભા છે અને કહી રહ્યા છે બેટી, આવી ગઈ. આવું કહીને બાબા અદૃશ્ય થઈ ગયા. ત્યારે અનુભવ થયો કે અવ્યક્ત થવા છતાં બાબા સદા અમારી સાથે છે. પછી તો પોતાનો હાથ અને સાથ આપીને અનેક સ્થાનો પર બાબાએ સેવા કરાવી. વિદેશોમાં પણ દુબઈ, સિંગાપુર, ઈન્ડોનેશિયા, આફ્રિકા (નૈરોબી, કંપાલા, દારેસલામ)માં સેવા કરવાનું સદ્ભાગ્ય મળ્યું. બસ એક જ સંકલ્પ કર્યો કે શરીરના અંતિમ શ્વાસ સુધી સેવા કરતી રહું. સેવા કરતાં કરતાં બાબાની ગોદમાં સમાઈ જાઉં. બાબાનો લાખ લાખ આભાર કે મારું જીવન ધન્ય બનાવી દીધું. એટલે દિલ ગાય છે, ‘ કિન શબ્દોમેં આપકા ધન્યાવાદ કરું.’

॥ ઓમશાંતિ ॥

- **એકાગ્રતાના અભ્યાસથી સર્વશક્તિઓ એની મેળે જ પ્રાપ્ત થાય છે.**
- **દરેક પરિસ્થિતિમાં સ્વયંને બદલનાર જ સાચા સોના સમાન છે.**

(પેજ નં. 11નું અનુસંધાન)... પ્રસન્નતાના પથ

લોકો પર, વસ્તુઓ પર, કોણ જાણે કેટ કેટલી ચીજો પર નિર્ભર બનાવી દીધા છે. જ્યારે આપણે આટલી ચીજો પર નિર્ભર હોઈશું તો ખુશી ક્યાંથી મળશે ?

એક છે જે હું બહાર કરું છું અને એક છે જે હું કરું છું એની અનુભૂતિ કરું છું. હું આપના માટે સારું ખાવાનું બનાવી રહી છું પણ અંદર તો ડર છે કે કઈ જાતનાં પ્રકંપન જન્મશે ? કોઈ આવી રહ્યું છે આપણે દસ ચીજો ખાવા માટે બનાવી રહ્યા છીએ પણ અંદર કઈ ઉર્જા ઉત્પન્ન થઈ એનું પણ ધ્યાન રાખવાનું છે. જ્યારે અંદર સકારાત્મક ઉર્જા પેદા થશે તો કર્મ કદી ખોટાં હોઈ શકતાં નથી. અત્યારે શું છે હું આપના ઉપર નિર્ભર છું યા હું આપને ખૂબ ખુશ કરવાની કોશિશ કરું છું. પછી આપ થોડા પણ દુઃખી થઈ ગયા યા આપ મારાથી ખુશ ના થયા તો હું એકદમ પ્રતિક્રિયા આપીને આપનાથી અલગ થઈ જાઉં છું.

જ્યારે આપ અંદરથી દર્દમાં હોવ છો તો ભયમાં હોવ છો. તો મારે સારું બોલવા માટે ઘણી મહેનત કરવી પડે છે. જો હું શાંત છું, સ્થિર છું તો મારી ખુશી મારા હાથમાં છે. મારે આપને ખુશ કરવાના નથી, મારે ખુશ રહેવાનું છે. જો હું ખુશ રહીશ, તો મારાં પ્રકંપન સાચાં હશે. પછી મારા મુખમાંથી કોઈ ખોટો શબ્દ નીકળશે નહીં કારણ કે મારા બોલ, મારા કર્મનું બીજ આત્મામાં છે.

॥ ઓમશાંતિ ॥

- **પરદૃષ્ટિ, પરચિંતન અને પ્રપંચને છોડીને ‘સ્વદર્શન’ ચક્રધારી બનો.**
- **રુહાની નશાની વૃત્તિની ખુશીનું વાયુમંડળ બનાવવાની સેવા કરો.**

બ્રહ્માબાબાનાં આઠ કદમ

બ્ર.કુ. કેશુભાઈ પટેલ, મહાદેવપુરા, પ્રાંતિજ

સંકલન - બ્રહ્માબાબાએ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરી રાજસ્વ અશ્વમેઘ અવિનાશી રૂદ્ર ગીતા જ્ઞાન યજ્ઞની રચના કરી રાજયોગ દ્વારા ગહન તપસ્યા કરી શિવબાબા સમાન બન્યા તેની પાછળ તેમણે લીધેલાં આઠ પગલાં કેન્દ્ર સ્થાને છે. બ્રહ્માબાબાના આઠ કદમ (Step) વિષે આ કૃતિમાં જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

(૧) આત્મ અભિમાની

બ્રહ્માબાબાએ - એ સમજી લીધું કે હું શરીર નથી, પરંતુ શરીરને ચલાવનારી શક્તિ છું. હું આત્મા છું શરીર તો મારું વસ્ત્ર છે. હું આત્મા છું. તે સમજી લીધા બાદ પાઠ પાક્કો કરવા માટે બ્રહ્માબાબાએ પોતાના મકાનની દીવાલો પર અનેક જગ્યાએ લખ્યું હતું. - હું આત્મા છું. હું આત્મા છું... યશોદા (તેમના યુગલ) આત્મા છે. રાધિકા આત્મા છે. લચ્છુ દાદી આત્મા છે, એમ સમજતા. હું આત્મા છું એ પાકું કરવા મનને દ્રઢ કરતા હતા. મનને કહેતા હતા હે મન મંત્રી ? તું મને દગો તો નથી આપતું ને ? બ્રહ્માબાબાને તે સમયે જ્ઞાન પૂરે પૂરું થયું ન હતું. છતાં પણ મારા પણું સમાપ્ત કર્યું. બ્રહ્માબાબાનો આદિનો પાર્ટ આત્મા હતો અંતનો પાર્ટ પણ આત્મા હતો. અને આ રીતે દેહ અભિમાનને જીત્યું. આત્માના સાતેય ગુણો (જ્ઞાન, પ્રેમ, આનંદ, સુખ, શાંતિ, પવિત્રતા, શક્તિ)ની શક્તિઓને કર્મેન્દ્રિયો દ્વારા નિરંતર પ્રવાહિત કરી આત્મ અભિમાનની સ્થિતિ પ્રાપ્ત કરી. દેહ અભિમાનની સ્થિતિ એને કહેવાય જે વિકારોનું (કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષા, આળસ, છલ, કપટ, નિંદા) વાઈબ્રેશન ફેલાવે.



કરાંચીથી આબુ આવ્યા તે સમયે આબુ પર્વત પર હાલનાં ભવનો નહોતાં. અસ્થાયી રહેઠાણો હતાં. કુટિરોમાં બ્રહ્મા વત્સો રહેતા હતા. એક સમયે બાબા યોગમાં હતા ત્યારે એક સાપ પગ પર લપેટાયો, આ જોઈ પાસે રહેલી બહેનો ચિંતામાં પડી હવે શું થશે ? બ્રહ્માબાબાએ હાથ ઉંચો કરી ધીરજ અને શાંતિથી ભયમુક્ત કર્યા. સાપ ઉપર દ્રષ્ટિ નાખી આત્મિક દ્રષ્ટિથી અને શક્તિથી સાપને રવાના કર્યો. આવી હતી, બ્રહ્માબાબાની આત્મ અભિમાની સ્થિત.

(૨) સંપૂર્ણ સમર્પણ

દાદા લેખરાજ ઝવેરી હતા. મહારાજાઓ, રાજાઓ, જમીનદારો તેમના ગ્રાહકો હતા. ઘણીબધી ધન સંપતિ હતી. હૈદરાબાદ (સિંધ પ્રાન્ત હાલ પાકિસ્તાન)માં ઓમ મંડળી સ્થાપી. ત્યારબાદ પરિવારના બધા સભ્યોને ભેગા કરી વિસ્તૃત ચર્ચા કરી પાંચ બહેનોને ટ્રસ્ટના ટ્રસ્ટી બનાવી, બધીય સંપતિ ટ્રસ્ટને દાન કરી દીધી. આ રીતે મારાપણાને છોડી સમર્પણ કર્યું. આ સંપતિ એટલી બધી હતી કે ઓમ મંડળીના 350 સભ્યોની પાલના 14 વર્ષ સુધી થઈ. બાબાએ તન-મન-ધનથી સમર્પણ કર્યું. બુધ્ધિથી પણ સમર્પિત થઈ ગયા. હાલના સમયમાં તો માણસની ધન સંપતિ બુરી આદતો અને કમજોરીઓમાં ખર્ચાઈ જાય છે. જ્યારે બાબાએ ધનને સફળ કર્યું. બાબાએ

બરાબર સમજી લીધું હતું. 'મેં ઔર મેરાપન' વિઘ્નરૂપ બને, ટ્રસ્ટી હોય તે તો સાચા માર્ગે વાપરે, વેડફે નહિ.

(૩) યજ્ઞ સ્થાપના

બ્રહ્માબાબાએ પોતાની સંપતિનું ટ્રસ્ટ બનાવી દીધું. આ ટ્રસ્ટ માત્ર બહેનોનું હતું. આ ટ્રસ્ટે બોર્ડિંગ સ્કૂલ બનાવી હતી. જેમાં 350 બાળકો અભ્યાસ કરતા હતા. 14 વર્ષ સુધી ટ્રસ્ટમાં રહેલી જમા રાશિથી બાળકોની પાલના કરી. બાળકોને આધ્યાત્મિક શિક્ષણ આપવામાં આવતું હતું. બ્રહ્માબાબાએ જ્ઞાન અને યોગ દ્વારા રાજસ્વ અશ્વમેઘ અવિનાશી રુદ્ર ગીતા જ્ઞાન યજ્ઞની રચના કરી. બ્રહ્માવત્સોમાં મત ભેદો પડતા જ નહિં. જો નાના નાના મતભેદો પડે તો તેનું જ્ઞાન અને યોગ દ્વારા નિરાકરણ લાવવામાં આવતું. સંસ્થા એક કિલ્લા જેવી હતી. જેમાંથી મતભેદોની વાસ પણ બહાર ન આવતી. ઈશ્વરીય જ્ઞાન, સહજ રાજયોગ, દૈવી-ગુણોની ધારણા અને ઈશ્વરીય સેવા દ્વારા બ્રહ્માવત્સોને યજ્ઞના રક્ષક બનાવ્યા. આ રીતે યજ્ઞનો પાયો મજબૂત કર્યો.

(૪) બેગરી પાર્ટ

ઓમ મંડળી હૈદરાબાદથી કરાંચી ગઈ. કરાંચીમાં થોડાક વર્ષ રહ્યા, તે સમયે હિન્દુસ્તાનના ભાગલા પડ્યા. ભારત અને પાકિસ્તાન એમ બે દેશ બન્યા. ભાગલા દરમિયાન અશાંતિ થઈ, હુલ્લડો, મારા-મારી, કાપા-કાપી લોહીની નદીઓ વહેતી હોય એવા દૃશ્યો હતાં તે સમયે બ્રહ્માબાબાને શિવઆદેશ થયો. પર્વત પર જાઓ. એક જહાજ મારફતે ગુજરાતના ઓખા બંદરે ઉતરી રાજસ્થાનના આબુ પર્વત પર ઓમ મંડળીનું સ્થળાંતર થયું. શરૂઆતમાં ભરતપુરના રાજાના મહેલમાં નિવાસ કર્યો. 350 બાળકોની પાલના કરવાની હતી. ટ્રસ્ટની જમા રાશિ ખર્ચાઈ ચૂકી હતી. આવા કપરા સમયમાં પણ બ્રહ્માબાબા બેફિકર બાદશાહ હતા. માથા પરનો બધો જ બોજ શિવબાબાને સોંપી દઈ બેફિકર બન્યા હતા. એક પ્રસંગે બપોરના જમવા માટે કંઈજ સામગ્રી ન હતી. શિવભંડારાનું કાર્ય સંભાળનાર બ્રિજેન્દ્રા દાદીએ, બ્રહ્માબાબાને આવીને કહ્યું - બાબા બપોરના ભોજનની વ્યવસ્થા કંઈ નથી. શું કરવું ? બાબાએ જવાબ આપ્યો, બચ્ચી મને દસ વાગે મળો. બ્રિજેન્દ્રા દાદી તો ગયા, પરંતુ ભોજનની વ્યવસ્થાની ઉચાટમાં 9.55 કલાકે બ્રહ્માબાબાની સામે આવીને ઉભા રહ્યાં. બાબાએ સમય જોઈ કહ્યું બચ્ચી વહેલી આવી ગઈ ? અને થોડીક મિનિટ બાદ પોસ્ટ મેન આવ્યો. મનીઓર્ડર આપીને જતો રહ્યો. બાબાએ પૈસા દાદીને આપ્યા. અને કહ્યું - રાવણના ઘરની બાંધેલી માતાએ પૈસા મોકલાવ્યા છે. મનીઓર્ડરથી મળેલા પૈસામાંથી ખરીદી કરી. બાજરાના રોટલા અને છાશનું ભોજન બાળકોને આપી ક્ષુધા સંતોષી. બ્રહ્માબાબાનો શિવબાબા પર અટલ વિશ્વાસ હતો. આ બાળકો શિવબાબાના છે. જમાડવાની જવાબદારી શિવબાબાની જ છે. શિવબાબાને સોંપેલી ચિંતાની ટોકરી (ટોપલી) બ્રહ્માબાબાએ પાછી ના લીધી. બાબા કહે. હું શું કામ ફિકર કરું ? આ બધાં બાબાનાં બાળકો છે. બાબાને ચિંતા. આવો હતો બ્રહ્માબાબાનો અટલ વિશ્વાસ. તે વખતે બ્રહ્માબાબાએ કહ્યું હતું કે - બાબાને જે પ્રેમથી ભોગ લગાવે છે, તેને શિવબાબા કદીય ભૂખ્યા રાખતા નથી. બ્રહ્માબાબાએ શિવબાબાને ભોગ લગાવવાનાં વાસણો પણ અલગ રાખ્યાં હતાં. જેથી પવિત્રતા સચવાય. બાબાને વારિસ બનાવો. બાબાને ખવડાવો. પછી જ ખાઓ. તો તમારે ભૂખ્યા રહેવાનો વારો કદીય નહિ આવે. આવો હતો બ્રહ્માબાબાનો બેગરી પાર્ટ.

(૫) કર્મયોગી જીવન

બ્રહ્માબાબાનો દૃઢ વિશ્વાસ હતો કે યજ્ઞસેવાનું દરેક કામ, કામ કરનાર બ્રાહ્મણને કર્મયોગી બનાવે. અનાજ દળવાનું હોય, તે પહેલાં અનાજ સાફ કરવા બહેનોની સાથે બાબા પણ બેસતા, બાબા કામ કરતા હોય એટલે બધી જ બહેનો કામ કરવા બેસી જ જાય. ધોબીઘાટનું કામ, વાસણ સાફ કરવાં, શાકભાજી ધોઈ સાફ કરી તૈયાર કરવી બધું જ કામ બાબા કરતા અને બહેનો પાસે કરાવતા, કામ કરતાં કરતાં શિવબાબાની યાદ પણ અપાવતા અને કર્મયોગી બનાવતા. દિલ્હી રોકાણ દરમિયાન બ્રહ્માબાબાએ નોધ્યું કે બે માતાઓ મુરલી ક્લાસમાં નિયમિત આવે છે. અને આગળની હરોળમાં જ બેસે છે. એક દિવસ માતાઓ ગેરહાજર રહી, પરંતુ ક્લાસ પૂરો થયા બાદ આવી પહોંચી. બાબાના પ્રશ્નના ઉત્તરમાં માતાઓએ જણાવ્યું કે બસમાં બાબાની યાદમાં અહીંના સ્ટેન્ડે ઉતરવાનું ભૂલી ગયાં અને આગળના સ્ટેન્ડે જતાં રહ્યાં અને વળતી બસમાં પાછા આવતાં મોડું થઈ ગયું. બ્રહ્માબાબાએ કહ્યું, કર્મમાં યોગ હોય તો ભૂલ થાય જ નહિ. એક વખત બાબાએ નિર્મલશાંતાદાદીને કહ્યું - બચ્ચી જૂના ટાયરમાંથી ચંપલ બનાવો. નિર્મલશાંતાદાદીએ કહ્યું - હું મોચી થોડી છું તો ચંપલ બનાવું. બાબાએ શીખ આપી - મોચી જેટલી અક્કલ ન હોય તો વિશ્વની મહારાણી કેવી રીતે બનીશ ? બાબાએ ટાયરનાં ચંપલ બનાવતાં શીખવાડ્યાં. ચંપલ બન્યાં બાબાએ પહેર્યાં. અભિમાન રહિત થઈને પહેર્યાં. પાછળથી બધા બાળકોએ પણ ટાયરનાં ચંપલ પહેર્યાં. મમ્માએ કદીય બહાનાબાજી કરી નથી. બ્રહ્માબાબાએ એક વખત મમ્માને કહ્યું બચ્ચી આજે તો બાજરાનો રોટલો બનાવો. મમ્માને બાજરાનો રોટલો બનાવતાં આવડતો ન હતો. છતાંય હાજી કહ્યું મમ્માએ બનાવ્યો. બાબાએ વખાણ્યો અને ખાધો પણ ખરો, બાબા આ રીતે નાની બહેનોને કર્મયોગી બનાવતાં. કર્મયોગી જીવનમાં ટચીંગ - કેચિંગ બનેજ. બાબા કહેતા - ના કહેનાર નાસ્તિક, હા કહેનાર આસ્તિક, આવા હતા બાબા કર્મયોગી.

(૬) તપસ્વી જીવન

બ્રહ્માબાબાએ અમૃતવેળાનું મહત્ત્વ સમજી લીધું. સમગ્ર જીવનસૃષ્ટિ રાત્રિના પાછળના ભાગમાં નિંદ્રાધીન સ્થિતિમાં હોય વાતાવરણ શાંત હોય. બાબા બહુ જ થોડું ઉંઘતા. સાંજના વહેલા સૂઈ જતા અને વહેલી સવારના 2.30 વાગે ઉઠી જતાં, મુરલી લખતા અને તે મુરલી સવારે 7.00 વાગે વંચાતી. અમૃતવેળાના સમયે તપસ્યા કરતા. બાબાની ગહન યાદમાં અને યોગમાં રહેતા. આવો પુરુષાર્થ લાંબા સમય સુધી ચાલ્યો. બાબાને એક વખતે એમ થયું કે મારો પુરુષાર્થ કેટલા સ્ટેજે પહોંચ્યો છે ? શિવબાબામાં અને મારા અવ્યક્ત રૂપમાં કેટલું અંતર છે ? સંદેશી (રાજયોગિની પુરુષાર્થી દિવ્ય આત્મા સાકારી દુનિયામાંથી નિરાકારી દુનિયામાં સંદેશા સાથે જાય શિવબાબા સાથે રુહરિહાન કરે સંદેશાઓ આપે અને નિરાકારી દુનિયામાંથી શિવબાબાના સંદેશાઓને સાકારી દુનિયામાં લાવે.) બહેનને બોલાવી પૂછ્યું. સૂક્ષ્મવતનમાં જઈ અવ્યક્ત બ્રહ્માબાબાના સ્ટાર અને હાલના સ્ટાર વચ્ચે કેટલું અંતર છે? તે જાણી મને કહે ! સંદેશી બહેન સૂક્ષ્મવતનમાં જઈ જવાબ લાવ્યાં - 'ઘણું અંતર છે.' બ્રહ્માબાબાએ ત્યાર પછી વધુ સમય સુધી વધુ પુરુષાર્થ કર્યો. બીજી વખત સંદેશી બહેનને બોલાવી બંને સ્ટાર વચ્ચેના અંતર વિષે જાણી લાવવા કહ્યું. સંદેશી બહેનનો જવાબ હતો. બાબા હજુ અંતર છે. એ પછી બ્રહ્માબાબાએ ઘણા લાંબા સમય સુધી તીવ્ર પુરુષાર્થ

કર્યો. સંદેશી બહેનને ત્રીજી વખત એજ કામ સોંપ્યું. સંદેશી બહેનનો જવાબ હતો. બાબા અવ્યક્ત બ્રહ્મા બાબાના સ્ટાર અને હાલના બ્રહ્માબાબાના સ્ટાર વચ્ચે કોઈ અંતર રહ્યું નથી ! આખરે 'બ્રહ્માબાબા શિવબાબા સમાન બની ગયા' આવો તીવ્ર પુરુષાર્થ બ્રહ્માબાબાનો હતો. સાકારબાબાના શરીરનો હાથ દાદીઓ પકડતી તો કહેતી - બાબાનો હાથ રૂ જેવો પોચો છે. છેલ્લે છેલ્લે બ્રહ્માબાબાનું શરીર પ્રકાશીય બનતું જતું હતું. બ્રહ્માબાબાનું જ્ઞાન અને શક્તિઓ એટલા સ્ટેજે પહોંચી હતી કે સેવા સમાચાર આપનારના ભાવ પરથી સમાચાર જાણી લેતા. આવું હતું બ્રહ્માબાબાનું તપસ્વી જીવન.

(૭) જવાબદારીઓ સાથે શક્તિઓનું વીલ

પારિવારિક સંગઠનની સ્થાપના (1936) પછી સંગઠને સંસ્થાનું રૂપ ધારણ કર્યું ત્યારથી બ્રહ્માબાબાએ બધી જ જવાબદારીઓ નિભાવી સંસ્થાને વટવૃક્ષ સમાન બનાવી લીધી હતી. તપસ્વી જીવન અને પુરુષાર્થના બહોળા અનુભવને લીધે દિવ્યદૃષ્ટિ અને દીર્ઘદૃષ્ટિ મળી હતી. બાબાને છેલ્લે લાગ્યું કે હવે જવાબદારીઓનું અને શક્તિઓનું વિકેન્દ્રીકરણ કરી દાદીઓને તૈયાર કરવી જેથી કરીને મારી અવ્યક્ત સ્થિતિમાં પણ સંસ્થાનો વિકાસ વિસ્તાર વેગવંતો બની રહે. ધીરે ધીરે મોટી બહેનોને જવાબદારીઓ સોંપવા માંડી તેમને દિવ્યશક્તિઓ પણ આપવા માંડી અને આ રીતે તેમની ઉપસ્થિતિમાં બહેનોને, દાદીઓને માનસિક રીતે તૈયાર કરી યજ્ઞસેવા મજબૂત બને તે માટે સંસ્થાનો કારોબાર ધીરેધીરે વિભાજિત કરતા રહ્યા. જે જે દાદીઓ અને જેજે સેવાધારી ભાઈઓમાં જેજે ક્ષમતા દેખાતી તેમને તેવી જવાબદારીઓ સોંપતાં. અવ્યક્ત થતા પહેલા યજ્ઞસેવાનું વિસ્તૃતિકરણ કર્યું. હાલમાં સંસ્થાની 20 વિંગો છે. તે બ્રહ્માબાબાના વ્યવસ્થાપનનો જ ભાગ છે.

(૮) નષ્ટોમોહા સ્મૃતિલબ્ધા

તપસ્યા અને દિવ્યદૃષ્ટિથી બ્રહ્માબાબાએ અવ્યક્ત થવાનો સમય જાણી લીધો હતો. તેમના ચહેરા પર યજ્ઞસેવાની સફળતાની ખુશીની ઝલક દેખાતી હતી. અંતિમ સમયે શિવબાબા સિવાય કોઈને યાદ ન કર્યાં. સંપૂર્ણ નષ્ટોમોહા બની ગયા. સાથે રહેતી દાદીઓ અને દીદીઓને પણ યાદ ન કર્યા શરીરથી ડિટેચ. કામનાઓથી ડિટેચ. બાબાના છેલ્લા શબ્દો હતા. અચ્છા વિદાઈ. વંદે માતરમ. નિરાકારી ભવ, નિરહંકારી ભવ, નિર્વિકારી ભવ, બ્રહ્માબાબાના અંતનો અનુભવ હતો. કર્મભોગ અને કર્મયોગ સાથે લડાઈ હતી. કર્મયોગ જીતી ગયો. ત્યારબાદ બાબાએ સહજ રીતે શરીર છોડ્યું. 13 દિવસ સુધી ભોગ લગાવતાં છેલ્લે પૂછ્યું બાબા તમને કોઈની યાદ ન આવી ? જવાબ હતો ના. આવા હતા બ્રહ્માબાબા નષ્ટોમોહા સ્મૃતિ લબ્ધા. અવ્યક્ત બાપદાદા ઘણી મુરલીઓમાં કહે છે. ફોલો ફાધર. બ્રહ્માબાબાના નકશે કદમ પર ચાલીને આપ સૌ આત્માઓનું સ્થાન સતયુગી દુનિયામાં ઉચ્ચ પદ પર હોય એવી શુભકામના તથા શુભભાવના સહ ઓમશાંતિ..

॥ ઓમશાંતિ ॥

(સંદર્ભ - તા. 18-01-2018ના દિવસે (PMTV) ચેનલ પરથી પ્રસારિત થયેલ રાજયોગિની આદરણીય બ્ર.કુ. ઉષાદીદીનું પ્રવચન.)

- **પોતાની વિશેષતાઓને પ્રભુની દેણ સમજીને સર્વને પ્રભુ પ્રસાદ આપો. એક બાપ તરફ ઈશારો કરીને એકરસ બનાવો.**
- **સમય જ જીવન છે. સમયને ગુમાવવો એટલે જીવનને ગુમાવવું.**

આદિ દેવ પ્રજાપિતા બ્રહ્માબાબા

બ્ર.કુ. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ

સૃષ્ટિ રચયિતા શિવપિતાના રથી છો બ્રહ્માબાબા.
ભાગીરથ નંદીગણ યાદગાર તમારી છે બ્રહ્માબાબા
તમારા તન દ્વારા સર્વેને પરિચિત કરાવ્યા ગીતા જ્ઞાનથી,
આવી ચૂક્યા પ્રભુ ધરતી પર, પ્રત્યક્ષતા કરાવી શિવશક્તિની,
યોગ શક્તિથી જાગૃત કરાવ્યા, હરાવ્યા મનોવિકારથી ને,
કોટિ કોટિ વત્સોનાં હૃદયને પાવન બનાવ્યાં માયાવારથી.
નિંદા સ્તુતિ, માનઅપમાનને સહન કરી બન્યા ઉપરામ,
નવસૃષ્ટિનું નિર્માણ કરવા, સેવા કરી નિષ્કામ.
સરલતા, સાદગી, સત્યતાના તમે હતા સૂત્રધાર,
પ્રેમ, અહિંસા પવિત્રતાના પથે ચાલી કર્યો સર્વ ઉદ્ધાર.
અપકારીઓ પર કરી ઉપકાર, અદ્દભુત રચ્યો ઈતિહાસ,
ઈશ્વરીય શક્તિની ઓળખ આપી, દીધું અનોખું જ્ઞાન.
જીવન તણી શીખવાડી કલા, સર્વગુણ સંપન્ન બનાવ્યા.
વિકારો પર વિજય કાજે આપ્યું અણમોલ જ્ઞાન.
વિરક્તભાવ તમારો જોઈ, બલિહાર થયા નર-નાર,
પ્રભુ પિતાએ પ્રસન્ન થઈ આપ્યું અમર વરદાન.
શ્રેષ્ઠ સંકલ્પોથી રચી સૃષ્ટિ, મરજીવા બ્રહ્મા નામ,
કરે છે માનવ જાત આજે તમારી ગૌરવગાથા ગાન.
માનવને દેવ બનાવવા, કર્યો ભગીરથ પ્રયાસ,
યોગ વિદ્યાનો પાઠ ભણાવી, આપ્યો દિવ્ય પ્રકાશ,
આત્મા તણી જ્યોત જગાવી, લગની શિવની સાથ,
સાકારરૂપે રાહ બતાવ્યો, ભૂલે કેમ સંસાર ?
ઓમશાંતિના મહામંત્રથી, સૃષ્ટિ જાગે આજ,
તીર્થ બનાવી આબુ ધરતી, થયો જયજયકાર,
સ્મૃતિદિને સંભળાવી દીધો સંપૂર્ણતાનો સાર,
બ્રહ્માવત્સો કદીના ભૂલે, યાદ તમારી આજ.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 10નું અનુસંધાન)...

ઊભા કરવા માટે નમવું પડે છે. ત્યારે તો એને ઊભો કરી શકીએ છીએ. નમ્યા વિના પડેલાને ઊભો કરી શકતા નથી. એ રીતે કોઈ કમજોર છે તો એના ઉપર રહેમ કરવાની છે. અને નિરહંકારી બનીને એને ઊભા કરવાની સેવા કરવાની છે. આ રીતે સરલ રહીને બાબા સમાન યોગી બનવાનું છે. ઉપરના સર્વ મુદ્દાઓને પોતાનામાં જોઈને બાબા સાથે એની તુલના કરવાથી આપણે પણ બાબા સમાન બની જઈશું અને બાબા જેવા ગુણ ધારણ કરીને આગળ વધતાં પોતાની મંઝિલ સુધી પહોંચી જઈશું.

તો સહજ છે ને ? કારણ કે બાબા આપણી સામે સેમ્પલના રૂપે છે. આપણે તો માત્ર એમના પગલે પગલે ચાલવાનું છે. કોપી કરવામાં કોઈ મુશ્કેલી નથી. કોપી અને કંપેર (તુલના) કરતાં આપણે કમ્પલીટ (સંપૂર્ણ) બની જઈશું. આ ઘણો સહજ અને સરળ ઉપાય છે. વિચારો નહીં, બસ ચાલતા જાઓ. (આમંત્રિત ભાઈઓની ભઠ્ઠીમાં કરેલું સંબોધન)

નોંધ - બ્ર.કુ. સંતોષદીદી, મુંબઈ જેઓ બ્રહ્માકુમારીઝ, આબુની મુખ્ય સંચાલન સમિતિનાં સભ્ય છે.

॥ ઓમશાંતિ ॥

દિવ્યદર્શન

આદિદેવ બ્રહ્મા : પ્રજાપિતા બ્રહ્મા : નવયુગ પ્રવર્તક

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.



શાસ્ત્રોમાં ગાયન અને પૂજન છે કે - બ્રહ્મા દ્વારા સૃષ્ટિની સ્થાપના થઈ. તો આ બ્રહ્મા કોણ ? તેમણે કઈ સૃષ્ટિની સ્થાપના કરી ? શા માટે કરી ? બ્રહ્મા એ કોઈ કાલ્પનિક પાત્ર નથી. એ આ ધરતી ઉપર જ થઈ ગયા. ભગવાને નવી સતયુગી દૈવી સૃષ્ટિની સ્થાપના બ્રહ્મા દ્વારા કરાવી. ભગવાન કોણ ? તેમનું માધ્યમ કોણ ? શા માટે નવી સૃષ્ટિની સ્થાપના કરવી પડી ? ભગવાનના માધ્યમનું જીવન ચરિત્ર કેવું હતું ? આ બધા રહસ્યોને ચાલો સમજીએ.

સૃષ્ટિચક્ર મુખ્ય ચાર યુગોનું બનેલું છે અને આ ચક્ર ચક્રાકાર ગતિએ નિરંતર ચાલ્યા કરે છે. સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ પછી છેલ્લો યુગ કલિયુગ આવે છે. કલિયુગના અંતિમ ચરણમાં ચારેબાજુ પાપાચાર, અત્યાચાર, દુરાચાર, આતંકવાદ, નીતિવિહીન વેપાર, અંધશ્રધ્ધાયુક્ત ભક્તિ, સિદ્ધાંત વિહીન રાજનીતિ, માનવતાશૂન્ય વિજ્ઞાન વગેરે ધર્મગ્લાનિના લક્ષણો નજરે પડે છે. ધર્મગ્લાનિ વખતે અધર્મ વધી જાય છે અને માનવી દુઃખી થઈ જાય છે. દુઃખમાંથી છૂટવા ભગવાનને પોકાર કરે છે.

યદા યદા હી ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત... ધર્મગ્લાનિ થઈ ગઈ છે. આપણો પોકાર સાંભળીને ભગવાન આવી ગયા અને બ્રહ્મા દ્વારા નવી સુખમયી શાંતિપૂર્ણ, સમૃદ્ધિસભર સૃષ્ટિની સ્થાપનાનું દિવ્ય કર્તવ્ય કરી રહ્યા છે. ભગવાન કોણ ? ભગવાન અર્થાત્ નિરાકાર પરમાત્મા શિવ. જેઓ પરમધામવાસી, જ્યોતિબિંદુ સ્વરૂપ, ગુણોના સાગર, પતિત પાવન, મુક્તિદાતા, દુઃખ હર્તા છે. નિરાકાર પરમાત્માને જ્ઞાનયોગ દ્વારા મનુષ્યાત્માઓને દુઃખધામમાંથી સુખધામમાં લઈ જવા સાકાર માધ્યમની જરૂર પડે છે. આ સાકાર માધ્યમ છે. પ્રજાપિતા બ્રહ્મા. તેઓ આદિદેવ પણ કહેવાયા. કળિયુગના અંત અને સતયુગના આદિ (શરૂઆત)ના સમયે એટલે કે સંધિકાળના સમયે સંગમયુગમાં ભગવાન શિવ, તેમના સાકાર માધ્યમ પ્રજાપિતા બ્રહ્મા દ્વારા નવી દૈવી સૃષ્ટિની સ્થાપના વર્તમાનમાં કરી રહ્યાં છે. શિવના મંદિરમાં જે નંદીગણ એટલે કે પોઠિયો હોય છે તે સાકાર માધ્યમ બ્રહ્માનું જ પ્રતીક છે.

પ્રજાપિતા બ્રહ્માનું મૂળ નામ દાદા લેખરાજ હતું. દિવ્ય જ્ઞાન મળ્યા પછી મહાપુરુષોના નામ બદલાઈ જતા હોય છે. જેમ કે બૌદ્ધ ધર્મના સ્થાપક ગૌતમબુદ્ધનું મૂળ નામ રાજા સિદ્ધાર્થ હતું તથા જૈન ધર્મના સ્થાપક મહાવીર સ્વામીનું મૂળ નામ વર્ધમાન હતું. સ્વામી વિવેકાનંદનું મૂળ નામ નરેન્દ્ર હતું. તે રીતે દાદા લેખરાજને દિવ્ય સાક્ષાત્કારો થયા પછી તથા તેમના તનમાં નિરાકાર જ્યોતિબિંદુ શિવ પરમાત્માનો પ્રવેશ થયા પછી, તેમનું નામ બદલાઈને પ્રજાપિતા બ્રહ્મા થયું કારણ

કે ભગવાને બ્રહ્મા દ્વારા નવી સૃષ્ટિની સ્થાપના કર્યાનું જાણીતું છે. આમ પ્રજાપિતા બ્રહ્મા નવયુગ પ્રવર્તક બન્યા.

દાદા લેખરાજનો જન્મ ઈ.સ. 1876માં હાલના પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં હૈદરાબાદમાં કૃપલાની કુળમાં થયો હતો. તેમનાં પિતાજી ગામડાની શાળામાં હેડમાસ્તર (શિક્ષક) હતા. દાદા લેખરાજ ભક્તિ પરાયણ, ગીતાપાઠી, શ્રી નારાયણની પૂજા કરતા, સાત્વિક કોટિના, ગુણ સંપન્ન, શ્રેષ્ઠ પુરુષ હતા. તેઓ સ્વભાવે મહાદાની હતા. ઘરમાં જ પૂજાના સ્થાન માટે નાનકડું મંદિર બનાવ્યું હતું. જેમાં મંત્રપાઠ, પૂજા, ભજન, કીર્તન, આરતી, ગુરુઓની પધરામણી તથા સત્સંગનો કાર્યક્રમ ચાલતો હતો. તેઓ દરરોજ ગીતાનો પાઠ તથા નારાયણની ભક્તિ કરતા.

તેઓએ અનાજના વેપારથી શરૂઆત કરીને પોતાની કુશાગ્ર બુદ્ધિથી હીરા ઝવેરાતનો ધંધો શરૂ કર્યો. ઝવેરાતના ધંધામાં ખૂબ જ ફાવટ આવી અને અઢળક સંપત્તિના માલિક બન્યા. દાદા લેખરાજને લોકો પ્રેમથી 'લખીરાજ બાબુ'ના નામથી પણ સંબોધન કરતાં. કલક્તામાં તેઓનો ધીકતો ધંધો ચાલતો હતો. નેપાળના મહારાજા અને ઉદેપુરના રાજા સાથે તેમનો ઝવેરાતનો ધંધો તથા આત્મીય ગાઢ સંબંધ હતો. રાજ દરબારમાં તેમનું મોટું સન્માન થતું.

દાદા અતિ ધનાઢ્ય હોવા છતાં 'સાદું જીવન, ઉચ્ચ વિચાર'ના આદર્શમાં પાકા હતા. નારીઓ પ્રત્યે તેઓને ખૂબ માન હતું. તેઓ પરોપકારી, નમ્ર, સદાચારી, હીરાપારખુની જેમ માનવ પારખું, વિશિષ્ઠ ગુણો ધરાવનાર, પ્રભાવશાળી વ્યક્તિત્વવાળા, ઉમદા માનવી હતાં. સમાજમાં માન પ્રતિષ્ઠા ખૂબ હતાં.

ઈ.સ. 1936માં તેમની 60 વર્ષની ઉંમરે તેમના જીવનમાં અદ્ભુત ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. તે સમયે ગાંધીજીના નેતૃત્વ પદે ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરવા માટે સ્વતંત્રતાની રાજકીય ચળવળ ચાલતી હતી. પરંતુ માનવીઓને દુઃખરૂપ વિકારોની ગુલામીમાંથી આઝાદ કરવાનો કોઈ કાર્યક્રમ ચાલતો ન હતો. જે કાર્ય દાદાએ કર્યું. આ સમયે દાદા લેખરાજને જ્યોતિ સ્વરૂપ શિવ ભગવાન, કળિયુગી સૃષ્ટિના મહાવિનાશ, વિષ્ણુ ચતુર્ભુજ તથા ભવિષ્યમાં આવનાર દેવીદેવતાઓની સ્વર્ગીય સતયુગી સૃષ્ટિના સાક્ષાત્કારો થયા. ધર્મગ્લાનિનો સમય હોવાથી ગીતામાં આપેલા વાયદા અનુસાર નિરાકાર જ્યોતિસ્વરૂપ શિવ પરમાત્માએ તેમના સાકાર તનમાં અવતરણ કર્યું. શિવબાબાએ દાદાના વૃદ્ધ તનમાં પરકાયા પ્રવેશ કરીને ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગનું શિક્ષણ આપવાનું શરુ કર્યું. તેઓ શિવના નંદી અર્થાત્ સાકાર માધ્યમ બન્યા અને શિવપિતાએ તેમનું નામ 'પ્રજાપિતા બ્રહ્મા' રાખ્યું. તેઓ મહાન સમાજ સુધારક, આધ્યાત્મિક ક્રાંતિના દૂત બન્યા. તેમના દ્વારા નવી દૈવી સૃષ્ટિની સ્થાપના માટે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની સ્થાપના થઈ. તેમણે તેમની સઘળી સંપત્તિ સંસ્થાને સમર્પણ કરી, પરમાત્માની શ્રેષ્ઠ મત શ્રીમત પર ચાલી, યજ્ઞવત્સોને દિવ્ય મહાન બનાવ્યા. આઝાદી પછી દેશના ભાગલા પડતાં આ સંસ્થા સિંધ હૈદરાબાદ વર્તમાનમાં જે પાકિસ્તાન કહેવાય છે તેમાંથી ભારતમાં સ્થળાંતર પામી અને આબુ પર્વતમાં 'પાંડવભવન' વિશ્વ વિદ્યાલયનું મુખ્યાલય બન્યું.

પ્રજાપિતા બ્રહ્માએ 32 વર્ષ સુધી માનવજાતની નિરંતર અથક સેવા કરીને 93 વર્ષની વૃદ્ધ ઉંમરે 18 જાન્યુઆરી, 1969ના રોજ

પોતાનો પાર્થિવ દેહ છોડીને સૂક્ષ્મ લાઈટનું 'ફરિશ્તા' સ્વરૂપ ધારણ કરીને સૂક્ષ્મવતનવાસી અવ્યક્ત બ્રહ્મા બન્યા અને અત્યારે પણ પ્રવર્તમાન સમયમાં પરમપિતા વિશ્વપિતા શિવબાબાની સાથે સાથે સૂક્ષ્મ ફરિશ્તાના સ્વરૂપમાં કળિયુગી સૃષ્ટિને સ્વર્ગીય સતયુગી સૃષ્ટમાં પરિવર્તન કરવાનું દિવ્ય કર્તવ્ય ગુપ્ત રીતે કરી રહ્યા છે. અંતિમ શ્વાસ છોડતા પહેલાં તેઓએ નિરાકારી, નિરહંકારી, નિર્વિકારી બનવાનો મહામંત્ર અર્થાત્ અંતિમ સંદેશ સર્વ બ્રહ્માવત્સોને આપી દાદી પ્રકાશમણિજીના હાથમાં હાથ આપી, તેમનામાં સર્વ અલૌકિક સર્વશક્તિઓ ભરી દઈને પાર્થિવ દેહ છોડ્યો. યુનો દ્વારા માન્ય વર્તમાન સમયમાં આ સંસ્થા 140થી વધુ દેશોમાં આવેલી છે.

18મી જાન્યુઆરીનો દિવસ 'વિશ્વ શાંતિ દિવસ' તરીકે ઉજવાય છે. બ્રહ્માકુમારીઝના ભારત તથા વિશ્વભરના તમામ સેવાકેન્દ્રો 18 જાન્યુઆરીને 'અવ્યક્ત સ્મૃતિ દિવસ' તરીકે મનાવે છે. તેમની આ પુણ્યતિથિના દિવસે સર્વ બ્રહ્માકુમાર ભાઈ-બહેનો મૌન રાખી અથવા અંતરમુખતાની ગુફાની રહી સેવાકેન્દ્ર પર સામૂહિક અખંડ યોગ સાધનાનો વિશેષ પુરુષાર્થ કરી વિશ્વના સર્વ મનુષ્યાત્માઓને શાંતિનું દાન આપવાનું લક્ષ્ય રાખે છે.

આવો, આપણે સૌ યુગપુરુષ પિતાશ્રી બ્રહ્માબાબાના 50મા અવ્યક્ત દિવસે દિલના ભાવોથી સ્નેહના શ્રદ્ધાસુમન અર્પણ કરી, તેમની આજ્ઞાઓ તથા શિક્ષાઓને જીવનમાં ઉતારવાનો સંકલ્પ કરી વિશ્વ પરિવર્તનના ભગીરથ કાર્યમાં સહયોગી બની કલ્પ કલ્પનું ભાગ્ય જમા કરીએ.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 34નું અનુસંધાન)... સ્વસ્થ જીવન

ઈલાજ માટે તાળી પદ્ધતિ અસરકારક છે.

શારીરિક શ્રમ કરતાં વ્યક્તિઓને વ્યાયામની ખાસ જરૂરત હોતી નથી. બેઠાડું જીવનની વ્યક્તિઓએ દૈનિક કાર્યક્રમમાં વ્યાયામને અવશ્ય સ્થાન આપવું જોઈએ, અગાઉ દર્શાવ્યા પ્રમાણે શરીરના તમામ કોશોને પૂરતો ઓક્સિજન તથા પોષણ મળી રહે તથા વેસ્ટ કચરાનો ત્વરિત નીકાલ થાય તે માટે વ્યાયામ શ્રેષ્ઠ ઉપાય છે. તાજેતરમાં લોકો સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થયા છે. સ્વૈચ્છિક રીતે વ્યાયામને પોતાના નિત્યક્રમમાં સ્થાન આપી રહ્યા છે. જે આવકારદાયક છે.

શરીરને સ્વસ્થ રાખવા દૈનિક દિનચર્યામાં વ્યાયામ માટે ઓછામાં ઓછો 1 કલાકનો સમય અવશ્ય ફાળવવો જોઈએ. શરીરને નિયમિત ભોજન માટે સમય ફાળવીએ છીએ તે જ રીતે નિયમિત વ્યાયામ માટે પણ સમય આપવો આવશ્યક છે. પોષણયુક્ત સાત્વિક આહાર, પૂરતી ઊંઘ તથા નિયમિત વ્યાયામ આ ત્રણેયના સંતુલન દ્વારા શરીરને સ્વસ્થ અને તંદુરસ્ત રાખી શકીશું, જે માટે થોડીક જાગૃતિની આવશ્યકતા છે. બીમારીઓમાં થતા બિનજરૂરી ખર્ચાઓથી બચી શકીશું.

॥ ઓમશાંતિ ॥

- **સ્વયંને પરમાત્માનાં બાળકો સમજીને એમની આજ્ઞાઓ ઉપર ચાલતા રહો તો સર્વ ચિંતાઓથી બચી જશો.**

પ્રસંગ પરિમલ

મહિલા સશક્તિકરણ

એક ઘરમાં એક બેટીએ જન્મ લીધો. જન્મ થતાં જ માનો સ્વર્ગવાસ થયો. બાપે બેટીને ગળે વળગાડી. પરંતુ સંબંધીઓએ પુત્રીના જન્મથી જ મહેણાં મારવાનું શરૂ કરી દીધું, કે પેદા થતાં જ માને ભરખી ગઈ.

બાપે બેટીને કંઈપણ કહ્યું નહીં. એમણે બેટીનું પાલન પોષણ શરૂ કર્યું. તે ખેતરમાં કામ કરતો ત્યારે પુત્રીને સાથે લઈ જતો. કામ પણ કરતો અને પુત્રીને પણ સારી રીતે સંભાળતો. સંબંધીઓએ ઘણું સમજાવ્યું કે બીજાં લગન કરી લો. બાપે કોઈની વાત ઉપર ધ્યાન આપ્યું નહીં, પૂરું ધ્યાન પુત્રીને ભણાવવામાં જ આપ્યું.

પુત્રી મોટી થઈ. શાળાએ ગઈ પછી કોલેજ ગઈ. દરેક વર્ગમાં પ્રથમ આવી. બાપ ઘણો ખુશ થતો. લોકો અભિનંદન આપતા. પુત્રી પિતાને ખેતરમાં કામમાં મદદ કરતી. પાક સારો થવા લાગ્યો. સંબંધીઓ આ સર્વ જોઈને ઈર્ષ્યાથી ચીડાઈ ગયા. પુત્રી સારું ભણી ગણીને પોલીસમાં એસ.પી. બની. એક દિવસ કોઈ મંત્રીએ ખેડૂત પુત્રીનું સન્માન કરવાનું વિચાર્યું. કાર્યક્રમ ગોઠવવાનો આદેશ આપ્યો. કાર્યક્રમ એમના ગામમાં જ રાખવામાં આવ્યો. મંત્રીએ ગામલોકોને સમજાવ્યું કે પુત્ર-પુત્રીમાં કોઈ ભેદ રાખવો જોઈએ નહીં. પુત્ર જે કરે છે તે પુત્રી પણ કરી શકે છે. પ્રવચન પછી મંત્રીએ એસ.પી. બનેલી ખેડૂત પુત્રીને બોલવાનું કહ્યું. પુત્રીએ માઈક પકડ્યું અને કહ્યું કે આજે હું જે કંઈ છું તે મારા પિતાને કારણે છું. જેઓ લોકોના મહેણાં સાંભળીને મને અહીં સુધી લઈ આવ્યા. મારા પાલનપોષણ માટે રાતદિવસ એક કર્યાં. મેં માને જોઈ નથી પણ મેં મા વિશે પિતાને પૂછ્યું પણ નહોતું. જો હું મા વિશે પૂછું તો પિતાને એમ લાગે કે મારા પાલન પોષણમાં કોઈ ખામી રહી ગઈ છે. મારા માટે મારા પિતાથી વધારે કંઈ નથી.

પિતા સ્ટેજ સામે લોકો વચ્ચે બેસીને આંસુ વહાવી રહ્યો હતો. પુત્રીની આંખમાં પણ આંસુ આવી ગયાં. એણે પિતાને સ્ટેજ ઉપર બોલાવવા મંત્રી પાસે મંજૂરી માંગી. પિતા સ્ટેજ ઉપર આવ્યો અને પુત્રીને ભેટીને બોલ્યો કે બેટી, શા માટે રડે છે? તું મારી પુત્ર સમાન શેર પુત્રી છો. તું કમજોર થઈ જઈશ તો મારું શું થશે ? મારે તને સદા હસતી જોવી છે. પિતા પુત્રીનો પ્રેમ જોઈને લોકોની આંખો ભીંજાઈ ગઈ. મંત્રીએ પુત્રીના ગળામાં સોનાનો મેડલ પહેરાવ્યો. પુત્રીએ મેડલ ઉતારીને પિતાના ગળામાં પહેરાવ્યો. મંત્રીએ કહ્યું તેં આ શું કર્યું ? તો પુત્રી બોલી. મેડલને યોગ્ય સ્થળે પહોંચાડી દીધો. એના અસલી હકદાર પિતાજી છે. સમારંભ તાળીઓથી ગૂંજી ઉઠ્યો.

મારી નનામી સ્વયં રાજા ઉઠાવશે

એક રાજા હતો. તે વેશ બદલીને જનતાની સાર સંભાળ રાખતો. એક દિવસ પોતાના મંત્રી સાથે ભ્રમણ કરતાં શહેરના કિનારે પહોંચ્યો. એક મનુષ્ય પડેલો હતો. રાજાએ એને હલાવી જોયો, તો તે મરી ગયો હતો. લોકો એની પાસેથી પસાર થઈ રહ્યા હતા. રાજાએ લોકોને બોલાવ્યા પરંતુ લોકો રાજાને ઓળખી ના શક્યા. અને પૂછ્યું શું કામ છે? રાજાએ કહ્યું આ મરેલા માણસને કેમ ઉઠાવ્યો નહીં. લોકોએ કહ્યું કે તે ઘણો ખરાબ અને ગુનેગાર માણસ છે.રાજાએ કહ્યું 'શું તે માણસ નથી' એ મનુષ્યની લાશ ઉઠાવીને એના ઘેર

પહોંચાડી.

એની પત્ની એની લાશ જોઈને રડવા લાગી. અને કહેવા લાગી કે 'હું સાક્ષી પૂરું છું કે મારો પતિ ઘણો પ્રામાણિક માણસ હતો.' આ સાંભળીને રાજાને ઘણું આશ્ચર્ય થયું રાજાએ કહ્યું, 'આમ કઈ રીતે બની શકે ? લોકો તો એની બુરાઈ કરી રહ્યા હતા. બીજું તો ઠીક, પણ કોઈ એની લાશને અડકવા પણ તૈયાર નહોતાં.' એની પત્નીએ કહ્યું, મને પણ લોકો પાસેથી આવીજ આશા હતી. ખરેખર હકીકત એ છે કે મારો પતિ દરરોજ શહેરમાં શરાબખાનામાં જતો. દારૂ ખરીદતો અને લાવીને ગટરમાં ઠાલવી દેતો. તે કહેતો ગુનાઓનો બોજો માનવો પાસેથી હલકો થયો. તે રાત્રે વેશ્યા પાસે જતો. એની રાતની પૂરી કિંમત આપીને તેને આવો ધંધો ના કરવાનું કહેતો. એનું બારણું બંધ કરાવી દેતો. ઘેર આવીને તે કહેતા કે પતિત સ્ત્રી અને દારૂ પીનારા નવ જવાનોનો બોજ મેં હલકો કર્યો. લોકો તેને આવી જગ્યાએ જતો જોતા એટલે તેને ખરાબ માની લીધો. હું મારા પતિને કહેતી યાદ રાખો. જે દિવસે તમે મરી ગયા, તો લોકો સ્મશાન સુધી પણ નહીં આવે. કોઈ તમારું ક્રિયા કર્મ પણ કરશે નહીં તો તેઓ હસતાં મને કહેતા કે ગભરાઈશ નહીં. તું જોઈશ કે મારી નનામી ખુદ રાજા અને ભગવાનના પ્રામાણિક માણસો ઉઠાવશે.

આ સાંભળીને રાજા રડી પડ્યો અને કહેવા લાગ્યો હું રાજા છું. એનાં ક્રિયાકર્મ હું કરીશ અને એની નનામી પણ હું ઉઠાવીશ. યાદ રાખો પોતે કરેલું સારું કર્મ કદી એળે જતું નથી. એટલે સારાં કર્મ કરતાં રહો.

ત્યાં સુધી વિજેતા નહીં

સિકંદરે ઈરાનના રાજા દારાને પરાજિત કરી દીધો તો લોકો એને વિશ્વ વિજેતા કહેવા લાગ્યા. વિજય પછી એના રાજ્યમાં એનું ભવ્ય વિજય સરઘસ કાઢવામાં આવ્યું. માઈલો દૂર સુધી એના રાજ્યના નિવાસી એના સ્વાગત માટે માથું ઝૂકાવીને એનું અભિવાદન કરવા ઊભા હતા. રસ્તામાં બીજી બાજુથી સિકંદરે કેટલાક ફકીરોને સામેથી આવતા જોયા. સિકંદરને લાગ્યું કે તે ફકીરો નમીને એનું અભિવાદન કરશે. પરંતુ કોઈપણ ફકીરે સિકંદરને જોયો પણ નહીં. પોતાની આવી અવગણના જોઈને સિકંદર ક્રોધિત થઈ ગયો. એણે પોતાના સૈનિકોને ફકીરોને પકડીને લાવવાનું કહ્યું.

સિકંદરે ફકીરોને પૂછ્યું, 'શું તમે લોકો એ જાણતા નથી કે હું વિશ્વ વિજેતા સિકંદર છું. મારું અપમાન કરવાનું ખોટું સાહસ, તમે શા માટે કર્યું?' ઉત્તરમાં એક ફકીર બોલ્યો, 'કયા મિથ્યા વૈભવ પર તું આટલું અભિમાન કરી રહ્યો છે, સિકંદર ! જે અહંકાર તારા શિર પર સવાર છે તે અમારા ચરણોનો ગુલામ છે. અમારા ગુલામનો પણ ગુલામ થઈને તું અમારી બરાબરની વાત કઈ રીતે કરી રહ્યો છું ? આ કેવી પ્રભુતા ?' એનો ઉત્તર સાંભળીને સિકંદરને લાગ્યું કે સંપદાઓ ઉપર વિજય પ્રાપ્ત કરી શકાય છે પરંતુ જ્યાં સુધી અહંકાર પર વિજય પ્રાપ્ત નહીં કરે, એને વિજેતા કરી શકાય નહીં.

સમય ક્યાં છે ?

એકવાર કબીરદાસજી ભગવાનનું ભજન કરતા રસ્તેથી નીકળી રહ્યા હતા. એમની આગળ કેટલીક સ્ત્રીઓ જઈ રહી હતી. એમાંથી એક સ્ત્રીનો લગ્નસંબંધ ક્યાંક નક્કી થયો હશે એટલે તેની ભેટ રૂપે એક નથની (ચૂની) મોકલી હતી. તે સ્ત્રી વારંવાર પોતાની સહેલીઓને નથની વિશે

(અનુસંધાન પેજ નં. 15 પર)

સ્વસ્થ જીવન

બ્ર.કુ. ડૉ. દેવેન્દ્રભાઈ સુતરીયા, હિંમતનગર

સ્વસ્થ જીવનના મુખ્ય ચાર આધાર સ્તંભ પૈકી **અગાઉ આહાર વિશે ચર્ચા કરી**. આ લેખમાં આરામ વિશે સમજીશું. દિવસના 24 કલાક પૈકી **આરામ અથવા નિંદ્રા** માટેનો સમય સુનિશ્ચિત થયેલો છે. પ્રત્યેક વ્યક્તિ દરરોજ તેની આયુ અને શારીરિક શ્રમના આધારે સરેરાશ 6 થી 8 કલાક આરામ કે નિંદ્રા લે છે. ગાઢ નિંદ્રા લઈ ઉઠ્યા બાદ સ્ફૂર્તિનો અનુભવ કરે છે. જે દિવસે સારી ઊંઘ ન મળી હોય તે દિવસે સવારમાં સુસ્તી કે થકાવટનો અનુભવ થાય છે અને દિવસ દરમિયાન પૂરી કાર્યક્ષમતાથી કાર્ય થઈ શકતું નથી એટલે સારી ઊંઘ સ્વસ્થ જીવન માટે તથા કાર્યક્ષમતા વધારવા ખૂબ જ ઉપયોગી છે.

વૈજ્ઞાનિક સંશોધનો દ્વારા જાણવા મળ્યું છે કે, આપણા શરીરમાં એક અદ્‌ભુત જૈવિક ઘડીયાળ બાયોલોજીકલ ક્લોક છે. જે ખૂબ જ ચોકસાઈપૂર્વક શરીરની તમામ ગતિવિધિઓને નિયંત્રિત કરે છે. આ જૈવિક ઘડીયાળ ઊંઘનું નિયંત્રણ કરે છે. સામાન્ય રીતે દરેક વ્યક્તિ માટે ઊંઘની એક સાયકલ 90 થી 120 મીનીટની હોય છે. તંદુરસ્ત વ્યક્તિ માટે આવી 3 સાયકલ એટલે કે 5 થી 6 કલાકની ઊંઘ પૂરતી છે. ઊંઘ દરમિયાન મનના વિચારો ધીરે ધીરે શાંત થઈ જાય છે.

હૃદયના ધબકારા માપવા માટે E C G મશીનનો ઉપયોગ થાય છે તે રીતે મનના વિચારોની ગતિ માપવા માટે EEG (ઈલેક્ટ્રો એન્સફલોગ્રાફ)નો ઉપયોગ થાય છે. આપણે જાગ્રત અવસ્થામાં હોઈએ ત્યારે મનના વિચારોના તરંગો 14 હઝ / સેકન્ડ થી વધારે હોય છે. ઊંઘની પ્રથમ અવસ્થાને આલ્ફા અવસ્થા કહેવામાં આવે છે. આ અવસ્થામાં વિચાર તરંગોની ગતિ 8 થી 13 હઝ / સેકન્ડ હોય છે જેને તંદ્રા અવસ્થા કે મેડીટેટીવ સ્ટેજ કહેવાય છે. બીજી અવસ્થા થીટા સ્ટેજ એટલે કે સ્વપ્નાવસ્થા કહેવાય છે. આ અવસ્થામાં વિચાર તરંગોની ગતિ 4 થી 7 હઝ / સેકન્ડ હોય છે. અને ત્રીજી અવસ્થાને ડેલ્ટા અવસ્થા કહેવામાં આવે છે. આ અવસ્થામાં વિચાર તરંગોની ગતિ 0.5 થી 3 હઝ / સેકન્ડ હોય છે. ઊંઘની એક સાયકલમાં ડેલ્ટા અવસ્થા 20 મીનીટનો હોય છે.

ડેલ્ટા અવસ્થામાં મનના વિચારો એકદમ શાંત થઈ જાય છે. આ સમયે શરીર પૂર્ણ આરામની અવસ્થામાં હોય છે. મન સંપૂર્ણ શાંત હોવાથી મનનું જોડાણ વૈશ્વિક ઉર્જા સાથે થતાં વૈશ્વિક ઉર્જા મન અને શરીરમાં પ્રવેશે છે. શરીરમાં ઉર્જાનો સંચાર થાય છે. આ ઉર્જાને જૈવ ઉર્જા (બાયો ઈલેક્ટ્રીસીટી) અથવા આધ્યાત્મિક ઉર્જા કહેવામાં આવે છે. આ પ્રક્રિયા નિરંતર ચાલ્યા કરે છે. દરરોજ કાર્યપ્રવૃત્તિ બાદ આરામ કે નિંદ્રાથી સ્વસ્થતાનો અનુભવ થાય છે. સામાન્ય રીતે પુખ્ત વયના વ્યક્તિ માટે ઊંઘની 3 સાયકલ પર્યાપ્ત છે. એટલે કે ઊંઘની 3 સાયકલ દરમિયાન મન લગભગ 60 મિનીટ ડેલ્ટા અવસ્થામાં હોય છે ત્યારે શરીરને જરૂરી ઉર્જા મળતી હોય છે. આથી વિશેષ ઊંઘની જરૂરિયાત હોતી નથી.

સારી ઊંઘ માટે મનના વિચારોની ગતિ ધીમી થવી જરૂરી છે. ઊંઘ દરમિયાન મન સતત વિચારો કરતું રહેશે તો માત્ર શરીરને આરામ મળશે પરંતુ ડેલ્ટા અવસ્થામાં જે ઉર્જા મળવી જોઈએ તે ન મળે તો બીજા દિવસે શરીર થાકેલું

લાગે છે. સુસ્તી લાગે છે અને પથારીમાં પડ્યા રહેવાનું મન થાય છે. ઘણા લોકોને 10 થી 12 કલાકની ઊંઘ લેવા છતાં સવારમાં ઉઠ્યા પછી સ્ફૂર્તિ નથી હોતી. કારણ કે રાત્રે શરીર આરામ કરે છે પરંતુ મનના વિચારો શાંત થયા નથી એટલે તંદ્રા અવસ્થા કે સ્વપ્નાવસ્થામાં જ રાત પૂરી થઈ જાય છે અને બીજા દિવસે શરીરને ચલાવવા જરૂરી ઉર્જા ન હોવાથી કાર્યક્ષમતા ઉપર સીધી અસર પડે છે. આવું લાંબા સમય સુધી ચાલે તો શરીર અને મન અનેક બીમારીઓમાં સપડાય છે. શરીરને સ્વસ્થ રાખવા જેટલો પોષ્ટિક આહાર, શુદ્ધ જળ પ્રાણવાયુની જરૂરત છે તેના જેટલી જ ઊંઘ જરૂરી છે. કેમ કે ઊંઘ દરમિયાન પ્રાપ્ત આત્મિક ઉર્જા દ્વારા જ શરીરની તમામ ગતિવિધિઓ પૂર્ણ કાર્યક્ષમતાથી કાર્યરત રહે છે.

વર્તમાન સમયમાં મોટાભાગની બીમારીઓનું કારણ આત્મિક ઉર્જાની કમી છે. આ ઉર્જા માપવાના સાધનો પણ ઉપલબ્ધ છે. વ્યક્તિની ઉર્જા ઔરા ફોટોગ્રાફીથી માપી શકાય છે. ઔરા ફોટોગ્રાફીની મદદથી શરીરના ક્યા અંગમાં કેટલી ઉર્જા છે તે જાણી શકાય છે. ઉર્જા વધારવા અનેક ચિકિત્સા પદ્ધતિઓ જેવી કે રંગ ચિકિત્સા, સંગીત, યોગમુદ્રાઓ તથા મેડીટેશન વગેરેનો સહારો લેવામાં આવે છે જે ખૂબ અસરકારક પૂરવાર થઈ છે.

શરીરને સ્વસ્થ રાખવા ઊંઘનું મહત્ત્વ સમજી નિયમિત પૂરતી ઊંઘ મળી રહે તે માટે સજાગ થવાની જરૂરત છે. એક કહેવત છે રાત્રે વહેલા જે સુએ વહેલા ઉઠે વીર, બળ બુદ્ધિને ધન વધે સુખમાં રહે શરીર, આ પંક્તિઓ બાળપણથી સાંભળતા આવ્યા છીએ જો એનો પૂર્ણ રીતે અમલ કરવામાં આવે તો સાચા અર્થમાં સુખી અને સ્વસ્થ જીવન જીવી શકીશું.

શરીરને સ્વસ્થ રાખવા પૂરતો આરામ લેવો જોઈએ. પરંતુ આરામ ત્યારે અનુભવ થાય જ્યારે મન શાંત હોય. વિચારોની ગતિ સ્થિર હોય. વર્તમાન સમયમાં આપણી સમસ્યા એ છે કે વિચારોની શ્રૃંખલા નિરંતર ચાલ્યા કરે છે. તેમાં પણ નકારાત્મક વિચારોની ગતિ ખૂબ વધારે હોવાથી ઉર્જાનો ક્ષય થાય છે. શરીરમાં પૂરતી ઉર્જા પ્રાપ્ત ન હોવાતી સામાન્ય પરિસ્થિતિમાં પણ વ્યક્તિ ગુસ્સે થઈ જાય છે. દુઃખી નારાજ થાય છે અને લાગણીઓના અતિરેકને કારણે અનેક બીમારીઓનો ભોગ બને છે. તેથી મનના વિચારોને શાંત કરતાં શીખવું જોઈએ તે માટે ધ્યાન, યોગ તથા એકાગ્રતાનો નિયમિત અભ્યાસ કરવો જરૂરી છે. મનને નકારાત્મક વિચારોથી હટાવી સભાનતાપૂર્વક હકારાત્મક વિચારો કરવા જોઈએ. ધ્યાન તથા યોગના નિયમિત અભ્યાસથી આપણે ઘણી બધી બીમારીઓથી બચી શકીશું અને શરીરને તંદુરસ્ત રાખી શકીશું.

સ્વસ્થ જીવનના ચાર આધારસ્તંભ પૈકીનો **ત્રીજો મહત્ત્વનો આધાર સ્તંભ વ્યાયામ** છે. વ્યાયામ શબ્દથી લગભગ બધા જ પરિચિત છીએ. શરીર સ્વસ્થ રાખવા શરીરના બધા જ અંગોમાં લોહીનું પરિભ્રમણ સારી રીતે થાય તે માટે વ્યાયામ જરૂરી છે. વ્યાયામ કે કસરત કોઈપણ આયુ વિદ્યાર્થી, યુવા કે વૃદ્ધ અવસ્થામાં પોતાની ક્ષમતા પ્રમાણે નિયમિત થવી જોઈએ.

આપણું શરીર અસંખ્ય કોશિકાઓનું બનેલું છે.જે રીતે સમયનો નાનો એકમ સેકન્ડ છે તે રીતે શરીરનો સૌથી નાનો એકમ કોશ છે. કોશનો સમૂહ મળી ટીસ્યુઝ બને છે ટીસ્યુઝનો સમૂહ એકઠો થઈ અવયવ બને છે અને અવયવનો સમૂહ એકઠો થઈ શરીર બને છે. શરીરના સ્વાસ્થ્ય માટે એક એક કોશનું મહત્ત્વ છે. શરીરના પ્રત્યેક

કોશને પોષક તત્ત્વોની તથા ઓક્સિજનની જરૂરત હોય છે. પોષક તત્ત્વો તથા ઓક્સિજનની હાજરીમાં પ્રક્રિયા થતાં કોશમાં જરૂરી ઉર્જા ઉત્પન્ન થાય છે જે કોશને જીવંત રાખે છે. પરંતુ આ પ્રક્રિયા દરમિયાન વેસ્ટ કચરાનું પણ નિર્માણ થાય છે. જેનો સમયસર નિકાલ થવો જરૂરી હોય છે. જો આ વેસ્ટ કચરો કોશિકામાં લાંબા સમય સુધી સંગ્રહિત રહે તો બોડીમાં ટોક્સીન બને છે જે કોશ માટે હાનિકારક છે. આ વેસ્ટ કચરાના નિકાલ માટે વ્યાયામની જરૂર છે. વ્યાયામ દરમિયાન શરીરમાં પરસેવો થાય છે અને પરસેવા દ્વારા વેસ્ટ કચરો શરીરની બહાર ફેંકાઈ જાય છે.

વ્યાયામ દરમિયાન શ્વાસોશ્વાસની ગતિ વધે છે. જેથી પ્રત્યેક કોશિકાને જરૂરી ઓક્સિજન મળી રહે છે. તેથી જ વ્યાયામમાં પ્રાણાયામનું મહત્ત્વ છે. શ્રી રામદેવજીના યોગમાં પણ મુખ્યત્વે કપાલભાતી, લોમ અનુલોમ તથા ભ્રસ્તિકા પ્રાણાયામ ઉપર વિશેષ ભાર આપવામાં આવ્યો છે એમનું કહેવું છે કે માત્ર આ ત્રણ પ્રાણાયામથી જ શરીરના 90 % રોગ મટી જાય છે.

શરીરને સ્વસ્થ રાખવા પ્રાણાયામ, અંગોનાં સ્ટ્રેચીંગની કસરત તથા નિયમિત ચાલવું મુખ્ય છે. દરરોજ ઓછામાં ઓછો અડધો કલાક શરીર સ્વાસ્થ્ય માટે વ્યાયામ થવો જ જોઈએ. પ્રત્યેક વ્યક્તિ પોતાની રુચિ પ્રમાણે મનગમતી કસરત પસંદ કરી શકે છે. આમ તો શરીરને કયા પ્રકારની કસરતની આવશ્યકતા છે એ શરીર પોતે જ ઈશારો આપે છે. આપણે નિરીક્ષણ કરતાં રહેવું જોઈએ અને એ ઈશારા પ્રમાણે કસરત કરવી જોઈએ. ઘણી વખત અનાયાસે જ આપણે નિરીક્ષણ કરતાં રહેવું જોઈએ અને એ ઈશારા પ્રમાણે કસરત કરવી જોઈએ. ઘણી વખત અનાયાસે જ આપણે સ્ટ્રેચીંગ કરીએ છીએ કેમ કે બ્રેઈન જે તે અંગને સૂચના આપે છે કે સ્ટ્રેચીંગ કરો, આપણે અચાનક ઉભા થઈ તે સૂચનાનો અમલ કરીએ છીએ કેમકે શરીર માટે જે તે સમયે તેની જરૂર હોય છે.

શારીરિક રીતે અશક્ત વ્યક્તિઓ જે વ્યાયામ કરવા સક્ષમ ન હોય તેવા વ્યક્તિઓ વ્યાયામને બદલે યોગમુદ્રાઓ તથા એક્યુપ્રેશર કે સુજોક થેરાપી દ્વારા શરીરને સ્વસ્થ રાખી શકે છે. શાસ્ત્રોની ભાષામાં યોગમુદ્રાઓ ધરતી પરની શ્રેષ્ઠ ઔષધી છે. તેથી શારીરિક રીતે અશક્ત તથા વૃદ્ધ વ્યક્તિઓ યોગમુદ્રાઓ શીખી નિયમિત પ્રેક્ટીસ કરવી જોઈએ, જેનાથી શરીર તંદુરસ્ત રહે છે. યોગમુદ્રાઓ ખૂબ જ સરળ છે અને હાલતાં ચાલતાં, બેસીને કે આરામ કરતાં પણ આસાનીથી થઈ શકે છે. શરીરના પાંચેય તત્ત્વો સંતુલનમાં રહે છે. જે શારીરિક સ્વાસ્થ્ય માટે જરૂરી છે.

આ ઉપરાંત તાળી પદ્ધતિ પણ વ્યાયામની એક અસરકારક પદ્ધતિ તરીકે પ્રચારમાં આવી છે. ઘણા બધા લોકો અલગ અલગ રીતે તાળી પદ્ધતિ શીખવે છે. મુખ્યત્વે સવારના કે સાંજના સમયે 10 થી 15 મિનીટ તાળી પાડી ત્યારબાદ 10 મિનીટ રીલેક્ષ થવું જોઈએ. તાળી પદ્ધતિના નિષ્ણાતોનું માનવું છે કે નિયમિત રીતે તાળી પદ્ધતિની પ્રેક્ટીસ કરવાથી શરીરના તમામ અંગોમાં લોહીનું પરિભ્રમણ સારી રીતે થાય છે અને શરીર સ્વસ્થ રહે છે. કોઈપણ બીમારીના

(અનુસંધાન પેજ નં. 29 પર)

Printed by Sarlaben R. Somaiya and Published by Ushaben B. Vajani for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Opp. Gamdiwala Dairy, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.

દિવમાં 'રાષ્ટ્રીય માનસિક વિકલાંગ દિને' યુવા હાસ્ય કલાકાર ભ્રાતા જયભાઈનું સન્માન કરતાં બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ ડોનીકાબેન.

મુંબઈ મલાડ ખાતે આયોજીત 'દિડોશી કોંકણ મહોત્સવ' કાર્યક્રમમાં બ્ર.કુ. કુંતિબેનનું સ્વાગત સન્માન કરતી શિવસેનાની અગ્રણી બહેનો.

મોડાસા સેવાકેન્દ્ર પર પધારેલા અરવલ્લી જીલ્લાના SP ભ્રાતા મયુરભાઈ પાટીલનું પુષ્પોથી સ્વાગત કરતાં બ્ર.કુ. ઈન્દિરાબેન.

રાજુલા સેવાકેન્દ્ર પર પધારેલા પીપાવાલ પોર્ટના ડેપ્યુટી કસ્ટમ કમિશ્નર ભ્રાતા શેખરજીને સૌગાદ આપતાં બ્ર.કુ. અનુબેન.

અંજારમાં 'સરસ્વતી સન્માન સમારોહ'માં કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ભ્રાતા બલરામભાઈ જેઠવાનું સન્માન કરતાં બ્ર.કુ. ભારતીબેન સાથે પૂર્વ અધ્યક્ષ ભ્રાતા કાંતિલાલભાઈ.

અમદાવાદ ઘોડાસર સેવાકેન્દ્ર પર આયોજીત 'કેન્સર જાગૃતિ' કાર્યક્રમમાં ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. જસુબેન સાથે ડૉ. ચિંતનભાઈ, સીનીયર સીટીઝન ક્લબના પ્રમુખ વિનાયકભાઈ.

અમદાવાદમાં 'મેક્સ લાઈફ ઈન્શ્યોરન્સ કંપની'માં 'જીવન જીવવાની કળા' વિષયની સમજૂતી આપતાં બ્ર.કુ.નેહાબેન તથા સર્વ સ્ટાફ.

મહુડી સેવાકેન્દ્રના 'વાર્ષિક ઉત્સવ' કાર્યક્રમમાં ટી.વી. હાસ્ય કલાકાર સીરાજ રંગવાલા, અગ્રણી મહાનુભાવો સાથે બ્ર.કુ. મનીષાબેન.

Gyan Amrit Vol.12 | Issue 1 | January 2019 | Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842.
Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2017-2019 Vaild up to 31st December-2019 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

મહેસાણા ખાતે આયોજીત 'ઈનર પીસ ઈનર પાવર' કાર્યક્રમનું દીપ પ્રગટાવી ઉદ્દઘાટન કરતાં ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી ભ્રાતા નીતિનભાઈ પટેલ, બ્ર.કુ. શિવાનીબેન, બ્ર.કુ. સરલાબેન, મેડીકલ વીંગના સચિવ બ્ર.કુ.ડૉ. બનારસીભાઈ, પૂર્વ સંસદસભ્ય ભ્રાતા જીવાભાઈ પટેલ, બ્ર.કુ. કુસુમબેન તથા ગણમાન્ય અતિથિગણ.

અમદાવાદ સુખશાંતિભવન દ્વારા આયોજીત 'ત્રિમૂર્તિ મહોત્સવ–અલૌકિક દેવદિવાળી, વાર્ષિક ઉત્સવ તથા સન્માન સમારોહ'માં દીપ પ્રજ્વલન કરતાં રાજયોગિની સરલાદીદી, ધાર્મિક પ્રભાગના મુખ્યાલય સંયોજક બ્ર.કુ. રામનાથભાઈ, ઉદ્યોગપતિ ભ્રાતા અમીતભાઈ, અદાણી એન્ટરપ્રાઈઝના DGM ભ્રાતા ઈલેશભાઈ, બ્ર.કુ. ડૉ. હરીશભાઈ, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. ઉષાબેન તથા સન્માનીય બ્રહ્મવત્સો.

અમદાવાદમાં 'એકેડેમી ઑફ પીડીયાટ્રીક્સ ગુજરાત તથા અમદાવાદ મેડીકલ એસોશીએશન' દ્વારા આયોજીત 'પ્રીસ્ક્રિપ્શન ફોર ડૉક્ટર્સ' કાર્યક્રમનું દીપ પ્રગટાવી ઉદ્દઘાટન કરતાં બ્ર.કુ. શિવાનીબેન, આરોગ્ય કમિશ્નર ભગિની જયંતિ રવિ, પીડીયાટ્રીશીયન એસોશીએશન ગુજરાતનાં પ્રમુખ ડૉ. નિશ્ચલભાઈ, સેક્રેટરી ડૉ. કિરણ શાહ, પીડીયાટ્રીશીયન એસોશીએશન અમદાવાદના પ્રમુખ ડૉ. મનીષ મહેતા, ડૉ. પ્રજ્ઞેશ જાની (AMA), મેડીકલ વીંગના સેક્રેટરી બ્ર.કુ. ડૉ. બનારસીભાઈ તથા આમંત્રિત ડૉક્ટર્સ ભાઈ–બહેનો.